ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૩૭ | ૧ ફેબ્રુઆરી ૨૦૧૮ | પાના-૧૬ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - પુષ્પમાળા

૨૬. વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા માની આજના દિવસમાં વર્તજે.

૨૭. સાયંકાળ થયા પછી વિશેષ શાંતિ લેજે.

૨૮. આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય: (૧) આરોગ્યતા, (૨) મહત્તા, (૩) પવિત્રતા, (૪) ફરજ.

૨૯. કરજ એ નીચ રજ (ક+રજ) છે; કરજ એ યમના હાથથી નીપજેલી વસ્તુ છે; (કર+જ) કર એ રાક્ષસી રાજાનો જુલમી કર ઉઘરાવનાર છે. એ હોય તે આજે ઉતારજે, અને નવું કરતાં અટકજે.

૩૦. દિવસ સંબંધી કૃત્યનો ગણિતભાવ હવે જોઈ જા.

૩૧. સવારે સ્મૃતિ આપી છે છતાં કંઈ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

૩૨. કંઈ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માન, નિરભિમાની રહે.

૩૩. જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

૩૪. આજ જેવો ઉત્તમ દિવસ ભોગવ્યો, તેવી તારી જિંદગી ભોગવવાને માટે તું આનંદિત થા તો જ આ.

૩૫. આજ જે પળે તું મારી કથા મનન કરે છે, તે જ તારું આયુષ્ય સમજી સદ્વૃત્તિમાં દોરાજે.

૩૬. આજનો દિવસ સોનેરી છે, પવિત્ર છે, કૃતકૃત્ય થવારૂપ છે, એમ સત્પુરુષોએ કહ્યું છે; માટે માન્ય કર.

૩૭. જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્ની સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે.

૩૮. આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે, એ જ્ઞાનીઓનું અનુભવસિદ્ધ વચન છે.

૩૯. તમાકુ સૂંઘવા જેવું નાનું વ્યસન પણ હોય તો આજે પૂર્ણ કર.- (૦) નવીન વ્યસન કરતાં અટક.

૪૦. દેશ, કાળ, મિત્ર એ સઘળાંનો વિચાર સર્વ મનુષ્યે આ પ્રભાતમાં સ્વશક્તિ સમાન કરવો ઉચિત છે.

૪૧. આજે કેટલા સત્પુરુષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું? એ ચિંતવન વિરલા પુરુષો કરે છે.

૪૨. શુદ્ધ સચ્ચિદાનંદ, કરુણામય પરમેશ્વરની ભક્તિ એ આજનાં તારાં સત્કૃત્યનું જીવન છે.

૪૩. તારું, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નીનું, માતાપિતાનું, ગુરુનું, વિદ્વાનનું, સત્પુરુષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનું કર્ત્તવ્ય થયું હોય તો આજના દિવસની તે સુગંધી છે.

૪૪. જેને ઘેર આ દિવસ ક્લેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૪૫. કુશલ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબની ધર્મયુક્ત અનુચરો, સદ્ગુણી સુંદરી, સંપીલું કુટુંબ, સત્પુરુષ જેવી પોતાની દશા જે પુરુષની હશે તેનો આજનો દિવસ આપણે સઘળાને વંદનીય છે.

૪૬. એ સર્વ લક્ષણસંયુક્ત થવા જે પુરુષ વિચક્ષણતાથી પ્રયત્ન કરે છે તેનો દિવસ આપણને માનનીય છે.

૪૭. એથી પ્રતિભાવવાળું વર્તન જ્યાં મચી રહ્યું છે તે ઘર આપણી કટાક્ષદ્રષ્ટિની રેખા છે.

૪૮. કોઈએ તને કડવું કથન કહ્યું હોય તે વખતમાં સહનશીલતા–નિરુપયોગી પણ,

૪૯. આજે કંઈ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક શક્તિ ઉજવાળી હોય, પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી હોય તો તે,–

૫૦. અયોગ્ય રીતે આજે તારી કોઈ શક્તિનો ઉપયોગ કરીશ નહીં,- મર્યાદા લોપનથી કરવો પડે તો પાપભીરુ રહેજે.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

## અહિંસા, નબળા માટે દંભરૂપ બને છે

'અહિંસા' એ મનનો સ્વભાવ બની જાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે ઘણી સખત કેળવણીની જરૂર પડે છે. રોજના જીવનમાં એને સિપાહીની પેઠે એક શિસ્ત તરીકે સ્વીકારવી પડે છે. પરંતુ હું એ વાત કબૂલ કરું છું કે મનનો આંતરિક સહકાર એની સાથે ન હોય તો માત્ર બાહ્ય આચાર એ દંભરૂપ જ થઈ પડે અને એનાથી એ માણસને પોતાને તેમ જ બીજાઓને પણ નુકસાન જ થાય. સંપૂર્ણ સ્થિતિ તો ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે મન, વાણી અને કાયા એ ત્રણેનું બરાબર સંકલન થયું હોય. પરંતુ હર વખત એને કારણે તીવ્ર માનસિક કલહ કર્યા કરવો પડે છે. દાખલા તરીકે મને કદી ગુસ્સો જ નથી થતો એમ નથી, પરંતુ લગભગ દરેક વખતે હું મારી લાગણીઓને મારા કાબૂમાં રાખી શકું છું. પરિણામ ગમે તે આવે; પરંતુ અહિંસાના નિયમનું વિચારપૂર્વક સતત પાલન કરવા માટે મારા મનમાં હમેશાં યુદ્ધ ચાલતું જ હોય છે. આવા આંતરિક યુદ્ધને પરિણામે માણસ દિવસેદિવસે સબળ બનતો જાય છે. અહિંસા એ બળવાનનું શસ્ત્ર છે; નબળાને માટે તે સહેલાઈથી દંભરૂપ બની શકે છે. ભય અને પ્રેમ એ બે વિરોધી વસ્તુઓ છે. પ્રેમ આત્માર્પણ કરવામાં કદી ગણતરી કરતો નથી અને બદલામાં એને કાંઈ પાછું મળે છે કે નહિ તે જાણવાની એને દરકાર નથી. પ્રેમ પોતાની જેમ આખા જગત સાથે બાથ ભીડે છે અને અંતે બધી લાગણીઓ ઉપર વિજય મેળવે છે. મારો તેમ જ મારી સાથે કામ કરી રહ્યા છે તે બધાંઓને રોજનો અનુભવ છે કે જો આપણે સત્ય અને અહિંસાના નિયમને આપણા જીવનનો નિયમ બનાવવાનો નિશ્ચય કરીએ તો દરેક વિકટ પ્રશ્નનો ઉકેલ આપણને જરૂર મળશે. કારણ કે મારે માટે સત્ય અને અહિંસા એ બંને એક જ સિક્કાની બે બાજુઓ છે.'

**- મહાત્મા ગાંધીજી, ''મહાદેવભાઈની ડાયરી'' ભા.૧૫**

## મોજણીની ફળશ્રુતિ

એક આંતરરાષ્ટ્રીય સંગઠને વિશ્વસ્તરની એક મોજણી કરી, જેમાં એક જ પ્રશ્ન વિવિધ દેશોના લોકોને પૂછ્યો, 'બાકી વિશ્વની અન્ન-અછત અંગે તમે શું વિચારો છો?' અભ્યાસ સંપૂર્ણતઃ નિષ્ફળ રહ્યો. કારણ રશિયાના લોકો 'વિચાર' એટલે શું, જાણતા નહોતા. કેનેડાના લોકોને 'અછત' એટલે શું તેની ખબર ન હતી. તો આફ્રિકાના લોકો 'અન્ન' એટલે શું તે જાણતા નહોતા. અમેરિકાના 'બાકીનું વિશ્વ' એટલે શું તે જાણતા નહોતા.

**('સેવાગ્રામથી શોધગ્રામ' લે. ડૉ. અભય બંગ)**

**પ્રે. શાંતીલાલ ગઢિયા**

## અધ્યાત્મ

અધ્યાત્મ વિશેની જાતજાતની માન્યતાઓને સ્થાને અધ્યાત્મ કોને કહેવાય તેની સ્પષ્ટ અને વૈજ્ઞાનિક સમજ વિમલામાએ પૂરી પાડી છે. અધ્યાત્મ એ તો જીવનનું વિજ્ઞાન છે, તે જીવનનું પરમ તત્ત્વ શું તે બતાવે છે. અધ્યાત્મ પ્રાપ્તિનો નહિ, પ્રતીતિનો વિષય છે. અધ્યાત્મમાં થાય છે આત્મતત્ત્વનું જાગરણ એટલે દેહાધ્યાસમાંથી મુક્તિ. Occult Powerને અધ્યાત્મ સાથે કોઈ જ સંબંધ નથી. સંપ્રદાય, ધર્મ અને અધ્યાત્મમાં ઘણું જ અંતર છે. સંપ્રદાયો સાંસ્કૃતિક સંપત્તિ છે. ધર્મ મનુષ્યજીવનની-સમાજજીવનની એક અનિવાર્ય આવશ્યકતા છે, જ્યારે અધ્યાત્મ એ મનુષ્યના પ્રાણોમાં 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' જોવાની અભીપ્સા માટેનો એક રસ્તો છે. માનવ ઊર્જાઓનું દૈવીકરણ અને દિવ્ય ઊર્જાઓનું માનવીકરણ આ જ અધ્યાત્મ છે. અધ્યાત્મ એ થોડીક વ્યક્તિઓનો ઈજારો નહિ, પરંતુ માનવમાત્રનો અધિકાર છે. એકવીસમી સદી એ પદાર્થવિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાનના સમન્વયની છે. **- વિમલા ઠકાર**

## શિક્ષકના ત્રણ સાધનો

**બીજાને સહાય કરવા શક્તિમાન બનાવે તેવું જ્ઞાન,**
**જ્ઞાનને યોગ્ય માર્ગે દોરી શકે તેવી ઈચ્છાશક્તિ,**
**અને એવી ઈચ્છાશક્તિને પ્રેરી શકે તેવો પ્રેમ.**

**પ્રે.જે. કૃષ્ણમૂર્તિ**

### આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી-પુષ્પમાળા | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| અહિંસા, દંભ બને | મહાત્મા ગાંધી | ૨ |
| અધ્યાત્મ | વિમલા ઠકાર | ૨ |
| તંત્રી લેખ-આપણુ કર્તવ્ય | મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી | ૩ |
| પ્રામાણિક ચારિત્ર્ય | રાજુ અંધારિયા | ૬ |
| સ્પષ્ટ દર્શનની વ્યાપકતા | ગુલાબચંદ જૈન | ૭ |
| અળસિયુ | ડો. અટ્ટારા અને શ્રી મોદી | ૯ |
| આનંદકુમાર દાસ્તાન | હોમી દસ્તુર | ૧૦ |
| સિક્કીમ: ઓર્ગેનિક સ્ટેટ | સમકિત શાહ | ૧૧ |
| જમીન પર બેસીને જમવાના ફાયદા | જન્મભૂમિ પ્રવાસી | ૧૨ |
| સમસ્યાઓ સામે લડીએ | શૈલેષ સગપરિયા | ૧૩ |
| એક અનોખી કંકોત્રી | સંપ્રતિ ગડા | ૧૪ |
| સાત સૂરોની સરગમ | ખબર પત્રિકા | ૧૪ |
| કવિતા...સહજ ધારા | ડો. કાલિન્દી પરીખ | ૧૫ |
| સહાય કરવા તત્પર રહો (સત્યઘટના) | કિશોર મકવાણા | ૧૬ |

## તંત્રી સ્થાનેથી :

# યુગની માંગ / આપણું કર્તવ્ય

સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું એક સ્પષ્ટ ચિત્ર પ્રેમના પીયાલોના બાર ભાગમાં ચિત્રિત કરેલ છે. એનાથી વિશેષ કશું કહેવાનો ભાવ વર્તમાનમાં નથી. અને આકાર મળે એ માટે એક સાધન જરૂરી લાગ્યું છે અને તે છે પ્રભુ પ્રાર્થના. વર્તમાનમાં અમે તે જ કરી રહ્યા છીએ. પણ સત્યને પણ સંગઠિત થવું પડશે. જૈનમ્ જયતિ શાસનમ્ નો જય કરવો હશે તો પાયામાં આ લેખમાં પૂજ્ય મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી મ.સા. કહી રહ્યા છે તે માર્ગ પકડ્યા વગર છુટકો નથી. ભલે ૧૯૮૮માં આ લેખ લખાયો છે પણ આજે પણ એટલો જ ગહન ગંભીર પ્રશ્ન છે, જે ઉકેલવો જ રહ્યો.- **તંત્રી**

'વીરનિર્વાણ પછી અઢી હજાર વર્ષે શ્રી જિનશાસનનો પુનઃ અભ્યુદય થશે' એવી માન્યતા સૈકાઓથી જૈન સંઘમાં પ્રવર્તે છે. એ સૂચિત સમયમર્યાદા આ વર્ષે પૂરી થાય છે. એટલે હવે, શ્રી જિનશાસનની જાહોજલાલી આપણી નજરે નિરખવાની અને તેમાં ક્યાંક નિમિત્તભૂત બનવાની પણ આશા આપણે રાખી શકીએ. શ્રી જિનશાસનના અભ્યુદયમાં કોઈક રીતે ક્યાંક નિમિત્ત બની શકીએ એથી રૂડું શું હોય? પણ એ માટે પ્રથમ તો, આપણે એ સમજવું આવશ્યક છે કે શ્રી જિનશાસન એટલે શું? અને તેનો અભ્યુદય એટલે શું? શાસનનો અર્થ છે આજ્ઞા. વિશ્વકલ્યાણ અર્થે પરમ કારુણિક શ્રી જિનેશ્વરદેવે ચીંધેલ અહિંસા, પ્રેમ, કરૂણા, અપરિગ્રહવૃત્તિ અને અનેકાંતદ્રષ્ટિ ઉપર આધારિત જીવનપદ્ધતિ અને જ્ઞાનદ્રષ્ટિ થી રસાયેલ ત્યાગ, તપ, ધ્યાન અને કાયોત્સર્ગમય અંતમુર્ખ સાધના: આ છે પારમાર્થિક શ્રી જિનશાસન; અને આ સદ્‌ગુણો, જીવનમૂલ્યો અને સાધનાની સામાજિક તેમજ વ્યક્તિગત જીવનમાં વિશ્વવ્યાપક પ્રતિષ્ઠા - રુચિ, આદર-સત્કાર, સ્વીકાર અને આચરણ - એ છે શ્રી જિનશાસનનો અભ્યુદય.

રુચિ, આદર-સત્કાર, સ્વીકાર અને આચરણ - આ ક્રમ છે ધર્મપ્રાપ્તિનો. આથી ભગવાનના નિર્વાણ-કલ્યાણકની પચીસ શતાબ્દીની પૂર્ણાહુતિનો આગામી મહોત્સવ એ ભગવાન મહાવીર અનુયાયીઓ માટે જ માત્ર નહિ પણ આધ્યાત્મિકતા પ્રત્યે કંઈક પણ રુચિ ધરાવતી હરેક વ્યક્તિ માટે પણ, પોતાની એ ઊર્મિ વ્યક્ત કરવાનો, એક મહત્ત્વનો અવસર બની રહે એ સ્વાભાવિક છે. એટલે પ્રભુ વીરને, તેમણે ઉપદેશેલ તત્ત્વજ્ઞાનને અને તેમણે ચીંધેલ સાધનામાર્ગને આસ્થા અને આદરથી જોનાર વ્યક્તિઓ પોતપોતાની સમજ-સૂઝ અને સાધનશક્તિ અનુસાર પોતાના એ અહોભાવને આ અવસરે વ્યક્ત કરીને, ભગવાન મહાવીરદેવને પોતાની શ્રદ્ધાંજલિ સમર્પવા ઉત્સુક જણાય છે. સાહિત્યકારો પ્રભુનું આંતર-બાહ્ય વ્યક્તિત્વ, સાધના, ઉપદેશ, તત્ત્વજ્ઞાન અને તેમણે પ્રવર્તાવેલ ધર્મતીર્થનો/જૈનસંઘનો જગતને કંઈક પરિચય મળે એ માટે ગદ્ય-પદ્ય રચનાઓના - લેખો, કાવ્યો, ગ્રંથો આદિના – લેખન-પ્રકાશનની તૈયારીમાં ગૂંથાયા છે; ચિત્રકારોએ પોતાની પીંછીથી ભગવાનનું જીવન તાદ્દશ કરવાનો પ્રયાસ કર્યો છે. તત્ત્વચિંતકો ભગવાનના ઉપદેશનું રહસ્ય – વીરપ્રભુએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનનું હાર્દ અને સાધનાનો મર્મ – સ્ફુટ કરતાં પોતાનાં ચિંતનો વિશ્વ સમક્ષ મૂકીને કૃતજ્ઞતા વ્યક્ત કરશે; વક્તાઓ-ઉપદેશકો પોતાની વાકછટાથી વધુમાં વધુ જનસમૂહ સુધી પ્રભુનો સંદેશો પહોંચાડવા આતુર છે; સામાજિક કાર્યકરો સમાજનું દુઃખ હળવું થાય એવી પ્રવૃત્તિઓને વેગવાન બનાવી પ્રભુની કરુણાને – અનુકંપાને અંજલિ આપવા ઉત્સુક છે; શિક્ષણકારો અનેકાંતદ્રષ્ટિ, અહિંસા અને અપરિગ્રહવૃત્તિના આદર્શોની વાત સમાજ આગળ મૂકીને ભગવાનની જીવનદ્રષ્ટિ પ્રત્યેની પોતાની મમતા વ્યક્ત કરશે. આમ, સૌ પોતપોતાની રીતે ભગવાન પ્રત્યેના પોતાના આદર અને સ્નેહ વ્યક્ત કરવા ઉત્સુક જણાય છે. ભગવાને ચીંધેલ અહિંસાદિ પ્રત્યે આદર હોવાનાં કોઈ એંધાણ જેની વર્તમાન રાજ્યનીતિમાં જોવા મળતાં નથી તે ભારત સરકારે પણ 'ભારતભૂમિના એ પનોતા પુત્ર'ને અંજલિ અર્પવાની યોજનાઓ ઘડી છે; ત્યારે સંયમમાર્ગનો સ્વીકાર કરીને, પ્રભુએ ચીંધેલ આત્મસાધનાને જ જેણે જીવન સમર્પ્યું છે, તે ત્યાગીવર્ગ ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિને કઈ રીતે વાચા આપે?

શું ઉપદેશદાન – સમજવું અને સમજાવવું – એટલી જ એની જવાબદારી છે? સાધનાને વરેલું એનું જીવન છે; સાધના જ એનું જીવન છે. આ અવસરે એને કંઈક વિશેષ સાધના કરવાનો ઉમળકો જાગવાનો. 'જગતને સુધારવાનો કોઈ પ્રયાસ ન કરતાં, પહેલાં સાડાબાર વર્ષ સુધી મૌન રહી, એકાંતમાં, ધ્યાન અને કાયોત્સર્ગની સાધના દ્વારા પોતાની જાતને પૂર્ણ શુદ્ધ કરવાના પ્રયાસમાં ડૂબી જનાર એ મહાસાધકને – મોક્ષમાર્ગના એ સારથિને – સાધના દ્વારા જ યોગ્ય અંજલિ આપી શકાય' – એવો ભાગ સંસારત્યાગી સાધકોના અંતરમાં ઊઠે એ સહજ પણ છે. આ ટાંકણે આ પૃષ્ઠો સાધના અંગે અંગુલિનિર્દેશરૂપ બની શકે ખરાં? સાડાબાર વર્ષની સાધનામાં ભગવાને શું કર્યું? દિવસો, પખવાડિયાં અને કેટલીક વાર તો લાગલાગટ મહિનાઓ સુધી આહારનો ત્યાગ કરી ભગવાને બાકીના સમયમાં કર્યું શું? ભગવાનની સાધના માત્ર ત્યાગ, તિતિક્ષા અને ઉપવાસમાં સીમિત નહોતી

રહી. જ્ઞાનથી રસાયેલ ત્યાગ, તિતિક્ષા, ઉપવાસ ઉપરાંત એકાંત, મૌન, ધ્યાન અને કાઉસગ્ગ – કાયોત્સર્ગ ભગવાનની સાધનાનાં મુખ્ય અંગો હતાં. કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ – ત્યાગ; અર્થાત્ ધ્યાનાદિ દ્વારા દેહાત્મભાવથી પર જવું/દેહાત્મભાવથી પર રહેવું એ ભગવાનની સાધનાનું કેન્દ્ર હતું. એટલે સાધના દ્વારા ભગવાન મહાવીરદેવને અંજલિ આપવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે વિશ્વવત્સલ ભગવાન મહાવીરદેવે સ્વયં આચરેલી અને શ્રમણસંઘમાં પ્રવર્તાવેલી એ સાધનાને સંઘમાં પુનઃ પ્રચિલત કરવાનો કંઈક પ્રયાસ કરવો.

સાડાબાર વર્ષની ઉગ્ર સાધનામાં એ અપ્રમત્ત સાધકે કેટલો અને ક્યો બાહ્ય તપ કર્યો તેની વાત આપણે હોંશે હોંશે કરીએ છીએ, પણ દિવસો, પખવાડિયાં અને મહિનાઓ સુધી આહારનો ત્યાગ કરીને, એ સમય દરમ્યાન ભગવાને અપ્રમત્તભાવે અંતરમાં જે ડૂબકી લગાવી તેની વાત આપણે કરતા નથી – કોઈ વાર કદાચ કરીએ તોપણ શૂન્યમનસ્કપણે. એટલે ભગવાને ઘોર ઉપસર્ગો સહન કર્યા એની વાતો કરીએ ત્યારે પણ ભગવાનની પ્રબળ ઈચ્છાશક્તિ કે સહનશક્તિ જ આપણી આંખ સામે તરવરે છે, એમની ઊંડી અંતર્મુખતા – આત્મલીનતા નહિ પરંતુ હકીકત એ છે કે પરીષહ, ઉપસર્ગાદિ બાહ્ય વિષમ પરિસ્થિતિઓ, ઊંડી અંતર્મુખતા કે આત્મલીનવૃત્તિના બળે, સહજ રીતે, સમભાવે પાર કરી શકાય છે. આપણ સૌનો અનુભવ છે કે આપણે કોઈની સાથે રસમય વાતચીતમાં તલ્લીન હોઈએ છીએ ત્યારે આજુબાજુ ચાલી રહેલ અન્ય પ્રવૃત્તિ કે વાતચીત પ્રત્યે આપણે સાવ બધિર બની જઈએ છીએ. આપણા માથા ઉપર ટીંગાતા ઘડિયાળના ટકોરા પણ આપણને તે સમયે સંભળાતા નથી! એ જ રીતે, શરીરમાં કંઈ પીડા હોય તે પણ, આવી કોઈ રસમય પ્રવૃત્તિમાં આપણે પરોવાઈએ છીએ ત્યારે વિસારે પડી જાય છે એવું ઘણી વાર નથી બનતું ? તેમ ધ્યાનાદિ અંતરંગ સાધનાના બળે જ્યારે ચિત્ત આત્મામાં લીન થાય છે ત્યારે બહાર શરીરને શું થઈ રહ્યું છે એનો બોધ આત્મલીન સાધકને હોતો નથી. આ રીતે જ પૂર્વ મહાપુરુષોએ સમભાવે ઉપસર્ગો પાર કર્યા છે ( – જુઓ અધ્યાત્મસાર, સમતાધિકાર, શ્લોક ૯-૧૦). ભગવાને દારુણ ઉપસર્ગો સમભાવે પાર કર્યા એની પાછળ પણ, ધ્યાનાદિ અંતરંગ સાધના વડે એમને પ્રાપ્ત થયેલ સમત્વ અને અંતર્મુખતાનો મુખ્ય ફાળો હતો – એ વાત જો ઉપદેશકોનાયે ધ્યાન બહાર રહેતી હોય તો શ્રોતાજનો સુધી તો એ પહોંચે જ શી રીતે ?

આના ફળસ્વરૂપે, સામાન્ય જનસમૂહનું અને આરાધક વર્ગના પણ મોટા-ભાગનું લક્ષ માત્ર બાહ્ય તપ, ત્યાગ અને તિતિક્ષા ઉપર જ કેન્દ્રિત રહે છે, એના અંતરમાં ભગવાનની જેમ ઉગ્ર તપશ્ચર્યા અને પરીષહ-ઉપસર્ગ સહન કરવાના મનોરથો જાગે છે; કિંતુ, કેવળ સહનશક્તિ અને ઈચ્છાશક્તિના જોરે જ નહિ પણ ઊંડી અંતર્મુખતાના કારણે જ ઉપસર્ગો અને પરીષહોને સમભાવે પાર કરી જવાય છે એ તથ્યથી અજાણ હોવાના કારણે, પરની ચિંતા મૂકી દઈ પ્રભુની જેમ ધ્યાનાદિ અંતરંગ સાધનામાં ડૂબકી લગાવવાના કોડ એને થતા નથી. પણ હવે, એ વાત પ્રત્યે એનું લક્ષ ખેંચ્યા વિના ચાલશે નહિ.

લુપ્તપ્રાયઃ બની ચૂકેલ ધ્યાન અને કાયોત્સર્ગની સાધનાનો પુનરુદ્ધાર કરવા આજે પ્રાયોગિક ધોરણે એ અંગે સંશોધન થાય, એ આવશ્યક છે. હાલ મને એક વિચાર આવે છે કે ભગવાને સાડાબાર વર્ષ સુધી મૌન રહી, એકાંતમાં વસી, ધ્યાન અને કાઉસગ્ગની સાધના કરી છે તેમ આપણા ત્યાગી વર્ગમાંથી પચીસ-પચાસ પ્રબુદ્ધ વ્યક્તિઓ ( – મુર્તિપૂજક શ્રમણસંઘનો માત્ર એક ટકો), આગામી પચીસસોમા નિર્વાણકલ્યાણકની ઉજવણીના વર્ષમાં, કોઈક ઠેકાણે એકાંત અને મૌનપૂર્વક ધ્યાનાભ્યાસ કરે એવું કંઈક આયોજન થવું ઘટે. સંઘમાંની પોતાની અન્ય પ્રવૃત્તિઓ અને જવાબદારીઓના કારણે જેઓ ધ્યાન-સાધનાના પ્રયોગ માટે આગામી આખું વર્ષ નિવૃત્તિ લઈ ન શકે એવા પ્રવૃત્તિશીલ મુનિઓ અને ધર્મનાયકો પણ, છેવટે, સાડાબાર અઠવાડિયાં - ભગવાનની સાડાબાર વર્ષની મૌન સાધનાના પ્રતીકરૂપે - ધ્યાનાભ્યાસના આ પ્રયોગ માટે ફાળવે.

માત્ર શાસ્ત્રાધ્યયન, ચિંતન-મનન અને સાહિત્ય-સર્જન કે ઉપદેશથી ત્યાગીવર્ગે આજે સંતોષ માનવો પરવડે તેમ નથી; સાધનાને હવે પ્રાયોગિક રૂપ આપવું જોઈએ. સાધનાનાં રહસ્ય પ્રયોગના અભાવે ઢંકાયા પડ્યાં છે, તેને બહાર લાવવા સાધનાના પ્રયોગો થવા જોઈએ – જેમ વૈજ્ઞાનિકો કરે છે તેમ. આપણને પ્રાપ્ત માહિતી અને તેના આધારે દેખાતી શક્યતાઓને સામે રાખી પ્રયોગો થાય તો, ઈલેક્ટ્રિસિટી, રેડિયો, ટેલિવિઝન આદિ વૈજ્ઞાનિક શોધો અને આવિષ્કારોની જેમ, અધ્યાત્મમાર્ગનાં ઉપેક્ષિત તથ્યો પણ સમાજમાં શીઘ્ર પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે. આજના યુગમાં – અને વિશેષ કરીને નવી પેઢીને – ધર્મનું અને સંયમજીવનનું માહાત્મ્ય માત્ર શાસ્ત્રવચનો ટાંકીને કે પારિભાષિક શબ્દોની શાસ્ત્રીય વ્યાખ્યાઓ આપીને નહિ

ઠસાવી શકાય; શ્રમણોએ પોતાના જીવન દ્વારા એ પ્રતીતિ કરાવવી રહી.

વ્યવહારની કસોટીએ ન ચડેલો ઉપદેશ વિજ્ઞાનની બોલબાલામાં ઉછરેલી યુવા પેઢીના માનસમાં શ્રદ્ધાનું નિર્માણ કરવામાં વિફળ રહે છે. આજની બુદ્ધિપ્રધાન યુવા પેઢીને ધર્મની રુચિ કે ભૂખ નથી એવું નથી. પણ ગોખેલો ઉપદેશ, અહં-મમપ્રેરિત ક્ષુલ્લક વાદવિવાદો અને ચિત્તશુદ્ધિ કે વ્યવહારશુદ્ધિમાં ન પરિણમતાં પ્રાણહીન ક્રિયાકાંડોમાં એને રસ રહ્યો નથી. એનાથી એના માનસનું સમાધાન નથી થતું, ત્યારે એ આધ્યાત્મિક શાંતિ માટેની પોતાની ભૂખ સંતોષવા અન્યત્ર ફાંફા મારે છે. તે જાતે ચિત્તશુદ્ધિનો અને સમતાનો અનુભવ કરી શકે એવી પ્રક્રિયા તે શોધે છે. તે એને આપણે આપીશું તો એની ઝંખના સંતોષાશે ને એ ધર્મમાર્ગ તરફ તે સ્વયં ખેંચાશે. આત્મતત્ત્વનો સ્પર્શ કરાવી આપતી સાધનાપ્રક્રિયા પ્રયોગાત્મક રીતે એની સામે આપણે ધરીશું તો તે ઉત્સાહભેર એને અપનાવશે.

'એક વર્ષનો ચારિત્રપર્યાય થતાં મુનિ ઉચ્ચતમ-અનુત્તર-દેવોના પ્રશમ સુખને પણ ટપી જાય છે', એવું શાસ્રવચન સાંભળીને આજના બુદ્ધિજીવી માનસને સંતોષ થતો નથી; એની આગળ એ શાસ્રવચનો રટ્યે રાખવાથી કોઈ અર્થ સરતો નથી. એ તો પ્રશ્ન કરશે : 'આજે સ્થિતી શી છે ?' ચારિત્રપર્યાય સાથે પ્રશમસુખનો કોઈ અનુપાત - ratio - વર્તમાન મુનિજીવન માટે આપી શકાય તેવું આજે રહ્યું નથી એની સખેદ નોંધ લઈ ત્યાગી વર્ગે અને સંઘનાયકોએ ચારિત્રપર્યાય સાથે પ્રશમસુખની વૃદ્ધિ લાવનાર કયું તત્ત્વ વર્તમાન મુનિજીવનમાં ખૂટે છે, તે શોધી કાઢવા આત્મનિરીક્ષણ કરી, તે તત્ત્વની પૂર્તિ કઈ રીતે કરી શકાય તે અંગે સંશોધન કરવાની આ ઘડી છે. મહાવીર નિર્વાણની પચીસમી શતાબ્દીની પૂર્ણાહુતિની ઉજવણીના અનુસંધાનમાં આ સંશોધનના શ્રીગણેશ થઈ જવા ઘટે ; અને તે માટે, ધ્યાનાદિ અંતરંગ સાધનામાં રુચિ ધરાવતા ગૃહસ્થ અને ત્યાગી સાધકો એકત્ર મળી એકાંત સ્થાનમાં મહિનો-બે મહિના કે છ-બાર મહિના સાધનાનો પ્રયોગ કરી શકે એવા કેન્દ્રો ઊભાં કરવાં જોઈએ.

સમત્વ સાથે ધ્યાન અને કાયોત્સર્ગનો જે સંબંધ છે તે પ્રયોગ વડે પ્રસ્થાપિત થાય એ આજના યુગની માગ છે. સમભાવની વૃદ્ધિ થતી રહે એવી સામાયિકની કે કાઉસગ્ગની પ્રક્રિયા આજે આપણે બતાવી શકીશું તો આજનો અશાંતિગ્રસ્ત ત્રસ્ત માનવ એ સામાયિકધર્મને શરણે દોડ્યો આવશે; અને, એવા સામાયિકધર્મની આજીવન સાધનામાં રત સાધુસંસ્થા પ્રત્યે અને જૈન સાધના પ્રત્યે લોકહૃદયમાં અનેરો આદર જામશે – પછી ભલેને કોઈ એની વિરુદ્ધ ગમે તેવી વિકૃત રજૂઆત કાં ન કરે.

આજે આપણા કેટલાક ત્યાગીઓ અને આરાધકો ચિંતિત છે કે, 'પચીસસોમા નિર્વાણ-કલ્યાણકની ઉજવણી નિમિત્તે આવતા વર્ષે થનાર કાર્યક્રમોના અનુસંધાનમાં અનધિકૃત કલમો અને જબાનો ભગવાન મહાવીરના જીવનવૃત્તાંતને અને ઉપદેશને વિકૃત કરી નાખશે અને તેના પરિણામે જૈન શાસનનું અસ્તિત્વ ભયમાં મુકાઈ જવાનું!' આ વાત સાંભળતાં, મારા સ્મૃતિપટ પર વીજળીના દીવાની તવારીખનો એક પ્રસંગ ઝબકી જાય છે : એક સૈકા પૂર્વે એડીસને વીજળીનો દીવો શોધ્યો. ઈંગ્લન્ડમાં એ સમયે ગૅસના દીવા પ્રચલિત હતા. વીજળીના દીવાની શોધના, અને ઘરોને અને રસ્તાઓને અજવાળવા માટે તેનો વ્યવહારુ ઉપયોગ શક્ય બન્યો હોવાના સમાચારે બ્રિટનના ગૅસ ઉદ્યોગમાં અને શૅરબજારમાં એટલી મોટી ઊથલપાથલ મચાવી દીધી કે એનો પડઘો બ્રિટિશ પાર્લમેન્ટમાં પડ્યો, બ્રિટિશ પાર્લમેન્ટ વીજળીના દીવાની શક્યતા અંગે નિષ્ણાત વિજ્ઞાનીઓની એક સમિતિ નીમી, એ સમિતિએ બે મહિના પછી અહેવાલ આપ્યો કે વીજળીના દીવા થઈ શકે જ નહીં! આ બન્યું. ઈ.સ. ૧૮૭૮માં. પણ એ પછી એક વર્ષની અંદર જ – સને ૧૮૭૯માં – એડીસને અમેરિકાના મેનલોપાર્ક નામના શહેરને વીજળીથી ઝળહળતું કર્યું. બ્રિટનના વૈજ્ઞાનિકો હજુ પણ કહી રહ્યા હતા કે બ્રિટનની સડકો પર વીજળીનો પ્રકાશ શક્ય જ નથી, કુદરતના નિયમોથી એ વિરુદ્ધ છે, જનરેટરમાંથી ઘર સુધી વીજળી પહોંચે જ શી રીતે ? વળી, વીજળીના ગોળા જોખમી છે, જનરેટર જે વીજળી ઉત્પન્ન કરે તેનું પ્રમાણ વધતાં ગોળાના તાર બળી જશે. કિંતુ, વીજળીના દીવાથી ઝળહળતું થયેલું, મેનલોપાર્ક શહેર ત્રણ હજાર માણસોને એડીસને દેખાડ્યું. બ્રિટનમાં શૅરોના ભાવ ગગડવા લાગ્યા, અને શૅરબજાર એક મહિના સુધી બંધ કરી દેવાં પડ્યા!

તે સમયના નિષ્ણાત ગણાતા વૈજ્ઞાનિકોના આવા વિરુદ્ધ અભિપ્રાય પણ વીજળીના દીવાને સર્વમાન્ય બનતાં ન રોકી શક્યા. આજે વીજળીનો દીવો જ માત્ર નહિ, પણ થોડા દાયકાઓ પૂર્વે જેની સંભાવના પણ હસી કાઢવામાં આવત એવા ટેલિફોન, રેડિયો, ટેલિવિઝન, ટેપરેકોર્ડર વગેરે અનેકાનેક અવિષ્કારો પ્રજાજીવનમાં વણાઈ ગયા છે. એની પાછળ કયું તત્ત્વ કામ કરી રહ્યું છે ? વૈજ્ઞાનિકો પોતાની સામે આવેલ કોઈ નવી વાતને પ્રયોગશાળામાં પ્રયોગના આધારે ચકાસે છે ; અને પછી એનો ઉપયોગ

વ્યવહારમાં કરી દેખાડે છે. પરિણામે કેટલાંયે ઉપેક્ષિત કે અજ્ઞાત તથ્યો પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. પછી એના સામે વિરોધી પ્રચાર ટકી શકતો નથી. તેમ આપણે સાધનાને પ્રાયોગિક રૂપ આપી, એનું સારતત્ત્વ, વિજ્ઞાનની શૈલીએ, જગત સમક્ષ મૂકી શકીએ તો પરમાત્મા મહાવીરદેવ વિશે કે એમણે ચીંધેલી સાધનાપદ્ધતિ વિશે કોઈ શું કહે છે કે શું કહેશે એનો ભય સેવીને સદા ફફડતા રહેવાની જરૂર નહિ રહે. અનેક બાહ્ય આક્રમણો અને આઘાતો સામે ટક્કર ઝીલી જે સંસ્થાએ પચીસ સદીઓ હેમખેમ પસાર કરી પોતાના અસ્તિત્વ અને વૈશિષ્ટ્યને જાળવી રાખ્યું છે, તે શું અનધિકૃત વાણીના આવા એકાદ વાયરાથી ખેદાનમેદાન થઈ જશે? શું એનું અસ્તિત્વ કોઈકના સારા-માઠા અભિપ્રાય ઉપર જ અવલંબે છે કે એની પોતાની સારપ ઉપર? આજે આપણી સાધનામાં રહેતી ક્ષતિઓ અને જીવનવ્યવહારમાં પ્રવેશેલી અશુદ્ધિ દૂર કરી સાધનાને પ્રાયોગિક રૂપ આપી, એની સારપ જો આપણે પ્રકાશમાં લાવીશું તો એની વિરુદ્ધની ખોટી કે અધૂરી કોઈ રજૂઆત એને આધુનિક જગતમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતી રોકી શકશે નહિ.

એટલે શાણો માર્ગ એ છે કે 'બહારના આઘાતો અને આક્રમણો આવશે કે કોઈ ખોટી રજૂઆત કરશે, ને જૈન શાસન આથમી જશે' એવી ભીતિથી વ્યથિત રહેવા કરતાં, ભગવાને સ્વયં આચરેલી અને જૈન સંઘને બતાવેલી અંતર્મુખ સાધનાની પ્રક્રિયાને – જેનાથી સમત્વનો લાભ થતો પ્રત્યક્ષ અનુભવી શકાય એવી 'સામાયિક'ની કે 'કાઉસગ્ગ'ની સાધનાપ્રક્રિયાને – પ્રાયોગિક ધોરણે પ્રતિષ્ઠિત કરી, સંઘમાં તેને પુનઃ પ્રવાહિત કરવાના પ્રયાસમાં – સંશોધન અને સાધનાના પ્રયોગમાં – સમર્થ વ્યક્તિઓએ પોતાનાં સમયશક્તિ કેન્દ્રિત કરવાં. શાસનરક્ષા અને પ્રભાવનાની દ્રષ્ટિએ પણ આ ઉત્તમ, શ્રેયસ્કર અને ફળદાયી માર્ગ છે. અહીં મેં જે અપેક્ષા વ્યક્ત કરી છે તે મુજબનો નિષ્ઠાપૂર્વકનો કોઈ સઘન પ્રયાસ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં ઉજવણીના એ વર્ષમાં કે તે પછીયે આજ સુધીમાં થયો હોય એવું મારી જાણમાં નથી. અન્ય સંપ્રદાયોમાં ક્યાંક આવો પ્રયાસ થયો ખરો, પણ સત્યાન્વેષણનો માર્ગ ચાતરી જઈને, સાંપ્રદાયિક મમત્વ કે સ્વોત્કર્ષની વાસનાથી કુંઠિત થઈ, મુગ્ધજનોને પોતાના વાડામાં બાંધી રાખવાની કે નવા અનુયાયીઓ મેળવવાની મથામણરૂપ બની રહ્યો. પોતાને મહાવીર પ્રભુના અનુયાયી કહેવડાવતા આપણે ભગવાનના માર્ગે ખરેખર ચાલવા અંગે શું સાવ ઉદાસીન જ રહીશું?- **મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ.સા. ''આત્મજ્ઞાન અને સાધનાપથ''**

## પ્રામાણિક ચારિત્ર્ય

ડૉ. સી.વી. રામને ૧૯૪૯માં રામન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી. સાયન્ટિફિક આસિસ્ટન્ટની જગ્યા માટે ઘણા બધા લોકોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા.

ઈન્ટરવ્યૂ પૂરા થઈ ગયા પછી રામન ઑફિસમાંથી બહાર આવ્યા ત્યારે જોયું કે ઈન્ટરવ્યુ દરમિયાન આ જગ્યા માટે જેને અયોગ્ય ઠરાવવામાં આવ્યો હતો એ યુવાન હજુ ત્યાં રાહ જોતો ઉભો હતો.

રામને ઊંચા અવાજે એને કહ્યું: 'તું અહી શું કરે છે? તને કહ્યું તો ખરું કે અમે તને આ નોકરી માટે પસંદ કરી શકીએ એમ નથી તો પણ તું અહીં શા માટે રોકાયો છે?'

પેલો યુવક કહે: 'સર, હું એ જાણું છું, પરંતુ તમારી ઑફિસ દ્વારા ભૂલથી મને આવવા-જવાનું વાહનભાડું વધારે આપી દેવામાં આવ્યું છે એટલે એ પરત કરવા હું પાછો આવ્યો છું.'

'ઓહ, એવું છે?' આશ્ચર્ય પામેલા રામને યુવકના ખભે પોતાનો હાથ રાખીને કહ્યું:

'ચાલ મારી સાથે. મેં તને આ નોકરી માટે અત્યારે જ પસંદ કરી લીધો છે! મારા માટે હવે એ જરૂરી નથી કે ભૌતિકશાસ્ત્રમાં તારી ક્ષમતા ઓછી છે. એ તો હું તને શીખવી શકીશ, પણ તારું જે આ શુદ્ધ ચારિત્ર્ય છે એનાથી હું ખાસ્સો પ્રભાવિત છું.'

સારાંશ એ કે જ્ઞાન અને કુશળતા એની જગ્યાએ બરાબર છે, પણ એની સાથે કપટી ચારિત્ર્ય હોય તો કદાચ ટૂંકા ગાળાનો લાભ મળી જાય, પરંતુ જ્ઞાન સાથે પ્રામાણિક ચારિત્ર્ય હોય તો સોનામાં સુગંધ ભળવા જેવું ગણાય...

**- રાજૂ અંધારિયા**

## સંબંધો

વરસો પહેલાં સંબંધો પણ પિત્તળ જેવા હતાં. સહુ ભેગા થાય ત્યારે પિત્તળને ચમકાવી સોના જેવા ચમકતા કરતા, જાણે સંબંધો પણ સોના જેવા શુદ્ધ! પછી શરૂ થયો સ્ટીલનો વપરાશ, ગોબા પડે પણ કામ ચાલે -સંબંધોનું પણ એવું જ, વારઘડીએ વાંકુ પડે પણ ટકાવી રાખે! ધીરે ધીરે આવ્યો કાચના વાસણોનો યુગ, સંબંધો પણ એવા જ ક્યારે તૂટી જશે એ કહેવાય નહીં! હવે જમાનો આવ્યો પેપર અને થર્મોકોલનો સંબંધો પણ જાણે એવા જ થઈ ગયાં છે, 'વાપરી' લો અને નાખો કચરાના ટોપલામાં!

**- ઈન્ટરનેટ પરથી : શાંતિલાલ ગડા**

## ગાવો વિશ્વસ્ય માતરઃ

## સ્પષ્ટ દર્શનની વ્યાપકતા... અને સાંપ્રદાયિક અજ્ઞાનની સંકુચિતતા

ધર્મમય સમાજરચના માટે જ્યારે પણ કોઈ પ્રતિભાશાળી આત્મા બહાર પડે છે ત્યારે એના માટે દર્શન-વિશુદ્ધિ અતિ જરૂરી બને છે. આમાં તેણે વિશ્વદર્શન કરવાનું રહે છે. આ વિશ્વ જ તેના કાર્યક્રમનું ક્ષેત્ર હોઈને તેણે વિશ્વનાં મુખ્ય તત્ત્વો ચેતન અને જડનો જેમ પરિચય સાધવાનો છે; તેમ તેણે વિશ્વદર્શનના અન્ય પાસાઓ અંગે સ્પષ્ટ દ્રષ્ટિ કેળવવાની હોય છે. આ માટે તેણે એક માપદંડ રાખવાનો હોય છે તે છે ધર્મમય સમાજરચનાનો, તેણે એક દ્રષ્ટિ કેળવવાની હોય છે તે વિવેકસરના પૃથક્કરણની અને વ્યાપક સત્ય શોધની સતત જિજ્ઞાસાની. તે ભૂતકાળને ઈતિહાસ વડે તપાસે છે; પોતાના ક્ષેત્રને ભૂગોળ વડે જાણે છે, વિજ્ઞાનની પ્રગતિ વડે વર્તમાનને આંકી ભવિષ્યનું સ્પષ્ટ દર્શન કરે છે; રાજનીતિ વડે રાષ્ટ્રને અહિંસક સમાજનું સ્વરૂપ આપે છે અને અર્થનીતિ વડે પરસ્પરના શોષણને અટકાવે છે.

સામાન્ય રીતે ઘણા લોકો એમ જ માને છે કે ધર્મની સાથે આ બધા વિષયોનો શું સંબંધ? એટલું જ નહીં કેટલાક સાધકો તો એમજ માને છે કે અમે તો આત્માનો જ ઉદ્ધાર કરવા નીકળ્યા છીએ તેમાં અમારે આ ઈતિહાસ, ભૂગોળ, રાજનીતિ, અર્થનીતિ કે વિજ્ઞાનની શી જરૂર છે? પણ ખરો આત્મસાધક જેની ચરમ આત્મસાધનાની સિદ્ધિ કેવળ જ્ઞાન અને કેવળ દર્શન છે તે આની ઉપેક્ષા કરી શકતો નથી.

એટલે જ આપણે તીર્થંકરો રચિત સૂત્રોમાં-આગમવાણીમાં પૂર્વભવ કથા રૂપે ઈતિહાસ; ક્ષેત્ર વર્ણન વડે ભૂગોળ, લોકાલોકના વર્ણન વડે ખગોળ; યંત્રો અને શસ્રોનાં તેમજ જીવ અજીવનાં વર્ણનોથી વિજ્ઞાન; ગ્રામ, નગર, રાષ્ટ્રધર્મ વડે રાજનીતિ તેમજ ન્યાય-નીતિની કમાણી, પ્રમાણિકતા, પરિગ્રહ-મર્યાદા અને વ્યવસાય મર્યાદા વગેરે વડે અર્થ નીતિને રજૂ થતી જોઈએ છીએ. આ કેવળ જૈનો પૂરતું નથી પણ વૈદિક, બૌદ્ધ તેમજ અન્ય ધર્મો, એક યા બીજી રીતે આ બધી બાબતો રજૂ કરે છે. તેની પાછળનો આશય સ્પષ્ટ દર્શન છે. આ બધાં પાંસાઓને સાંકળીને જ સ્પષ્ટ રીતે ધર્મને રજૂ કરી શકાય છે અને તે માન્ય બને છે. તેના આધારે નવો સમાજ રચાય છે; તે ટકે છે. એની વિરુદ્ધ જ્યાં આ બાબતોનો સદંતર અભાવ હોય છે ત્યાં સાંપ્રદાયિકતા પ્રવેશે છે. તેની સાથે અજ્ઞાન અને સંકુચિતતા પ્રવેશે છે. વિશ્વવાત્સલ્યનો આત્મભાવ પ્રગટ થતો નથી! ધર્મના નામે; સ્વાર્થ સધાય છે અને તેના ખપ્પરમાં લાખો માણસો હોમાય છે. તે સંકુચિતતા છે; અને જ્યાં સંકુચિતતા છે ત્યાં અજ્ઞાન છે. આજે વિશ્વદર્શનની સ્પષ્ટતા જ્યાં સુધી ઉપરનાં તેનાં પાસાંઓને ન સમજી લેવાય ત્યાં સુધી પ્રગટ થતી નથી.

જે લોકો એમ કહે છે કે ધર્મને, સાધનાને અને વિશ્વવાત્સલ્યને આ તત્ત્વો સાથે કંઈ પણ સંબંધ નથી; તેઓ ભીંત ભૂલે છે. આત્માની ઉન્નતિ તો કરવાની છે જ પણ સાથે અન્ય આત્માઓને ખરે રસ્તે દોરવાના છે. આ અંગે અલગ-અલગ કાળે, અલગ અલગ પ્રકારે યુગ પુરુષોએ માર્ગ ચીંધ્યો છે. પણ સમય વહે છે; ગઈ કાલની વાતો ભૂતકાળમાં ચાલી જાય છે. આપણે તેને પકડીને બેસી શકતા નથી. જરૂર એમાંનો વર્તમાન માટેનો સારભાગ ગ્રહી શકાય અને ભવિષ્યની ઉન્નતિનો રસ્તો દેખાડી શકાય! જ્યાં આવું થાય છે ત્યાં સ્પષ્ટદર્શન જોવા મળે છે. જ્યાં એવું થતું નથી ત્યાં સાંપ્રદાયિકતા આવે છે તે જોવા માટેના બધાં દ્રષ્ટિદ્વારો બંધ કરીને ગઈ-ગુજરીને જ પકડીને, આજનો ખ્યાલ કર્યા વગર લોકોને આગળ વધવાને બદલે, પાછળ ધકેલી દે છે. ક્યારેક તો તેમાં હદ થાય છે કે, જમાના કરતાં લગભગ એક સદી પાછળ રહી જાય છે અને નવીન જગતને માનવાની તે ના પાડે છે.

બર્માના જંગલોમાંથી હમણાં કેટલાક બર્મી સૈનિકો મળી આવ્યા. તેઓ છેલ્લા અઢાર વર્ષથી એમ જ માનતા હતા કે હજુ જાપાન-બર્માનું યુદ્ધ ચાલુ છે. સહુથી કરુણાજનક સ્થિતિ તો એ હતી કે તેમણે જીવનનો સહુથી સુંદર કાળ જંગલોમાં ભટકવામાં પસાર કર્યો હતો. સાંપ્રદાયિકતાનું કંઈક અંશે આવું છે.

એટલે જ જ્ઞાનીઓ કહી ગયા છે કે ધર્મને વહેતી ગંગા જેવો રાખો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પ્રમાણે ચલાવો અને એ જ પરમ સત્ય છે. એ જ જીવનની ગતિ છે; તેના વગર જીવન ગુંગાળાઈ મરશે. ભગવાન પારસનાથનો સંપ્રદાય હોવા છતાં મહાવીર પ્રભુએ નવો જ જૈન ધર્મ-એટલે કે નવા સ્વરૂપે કહ્યો. પારસનાથ પ્રભુના શિષ્યને જ્યારે સમજાયું કે યુગાનુરૂપ આ ધર્મ અને પારસનાથ પ્રભુના ધર્મમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે પરિવર્તન થયું છે ત્યારે તેમણે એનો સ્વીકાર કર્યો. આવી ધાર્મિક અને ઐતિહાસિક સ્પષ્ટ ઘટના પછી પણ જો લોકો સાંપ્રદાયિકતામાં પડયા રહે તો તેમણે દુ:ખી થવા જેવું છે અને અંતે તેમનું હિત સધાવાનું નથી. મુંબઈમાં મુંબાદેવીનું તળાવ હતું. તેનું પાણી ત્યાં જ પડ્યું રહેતું. નવો પ્રવાહ આવે નહિ અને ગંદુ પાણી જાય નહિ. દિવસે-દિવસે તે લીલુંછમ થતું જાય. તે છતાં શ્રદ્ધાળુ લોકો તેનું આચમન કરે. ધીમે-ધીમે લોકશ્રદ્ધા ઘટતી ગઈ અને લોકોને થવા

લાગ્યું કે એ પાણી ગંદુ છે. એટલું જ નહિ લોકોએ તેને રોગનું ઘર ગણ્યું અને પરિણામે તે તળાવ પૂરાઈ ગયું અને આજે ત્યાં બગીચો બની ગયો છે. તો, ધર્મ સ્પષ્ટદર્શન અને પરિવર્તન વગર ટકી શકતો નથી. તેમાં નિરંતર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે બાહ્ય શુદ્ધિ અને પુષ્ટિની પ્રક્રિયા ચાલુ રાખવી જ પડશે અને યુગબળોને ઓળખીને તે પ્રમાણે તેને લોકો માટે કલ્યાણકારી બનાવવો જ પડશે. જ્યાં એમ નહીં થાય ત્યાં તેનો વિનાશ રહેલો છે !

રશિયામાં રાજા અને જમીદારોના અત્યાચારો હદબહાર વધી ગયા. ધર્મ ચુપ રહ્યો. પાદરીઓ સત્તાને માન દેવામાં શાણપણ માનવા લાગ્યા જેથી સત્તા તેમનામાં હસ્તક્ષેપ ન કરી શકે. લોકોનું શોષણ વધતું ગયું. ધર્મે તેને રોકવું જોઈતું હતું. પણ ધર્મે યુગબળને ન ઓળખ્યું. પરિણામે જે ભયંકર લોહિયાળ ક્રાંતિ થઈ તેમાં દશ કરોડથી વધારે વસતિવાળો રશિયાનો પ્રદેશ સામ્યવાદી થઈ ગયો અને બીજા ૬ કરોડની વસતિને પણ તેનો ચેપ લાગ્યો. ધર્મ ન રહ્યો, દેવળો એમને એમ ઊભાં રહી ગયાં અને પાદરીઓ એક પણ ન રહ્યા. અહીં ધર્મ જેના હાથમાં હતો તેવા ધર્મગુરુઓ પાસે સ્પષ્ટદર્શન ન હતું. યુગદ્રષ્ટિ ન હતી.

ચીનમાં પણ એમ જ થયું. પચાસ કરોડ ઉપરાંત જનતા પિસાતી રહી, રિબાતી રહી, અરે એવડી મોટી સ્વતંત્ર પ્રજાને જાપાન જેવો ટચૂકડો દેશ બીજા વિશ્વયુધ્ધ ટાણે કચડતો રહ્યો. ધર્મ ચૂપ રહ્યો. ભિક્ષુઓ ચુપ રહ્યા. તેમણે યુગબળને ન ઓળખ્યું. લોકોનું શોષણ ચાલુ જ રહ્યું, અને ૧૯૫૦માં દુનિયાએ જાણ્યું કે ચીનનું તંત્ર સામ્યવાદી થઈ ગયું છે. બુદ્ધ મંદિરો ક્યાં ગયાં, તેની ખબર ન પડી. બૌદ્ધ ભિક્ષુઓનું શું થયું? તેની ખબર ન પડી. પણ યુગબળને ન ઓળખવામાં જે મોટી ભૂલ ધર્મગુરુઓએ ત્યાં કરી તેનું શું પરિણામ ભોગવવું પડ્યું તેનો જવાબ તો મળતો નથી પણ તિબેટમાં ધર્મગુરુઓ—લામાઓની જે સ્થિતિ થઈ તે તો સહુ જાણે છે. ધર્મતત્ત્વ જો પ્રજાને સુખ આપી શકતું ન હોય કે તેના દુ:ખો દૂર કરવા માટે પ્રેરક ન બની શકતું હોય તો તે માટે ભાગે આ સાંપ્રદાયિક સંકુચિતતા અને જૂના ક્રિયાકાંડોને આભારી છે; પણ તે ઉપરાંત એક હકીકત એ પણ છે કે લોકો તેને માન નહીં આપે ! અને જો ધર્મનિષ્ઠા લોક હૃદયમાંથી ઊડી ગઈ પછી બાકી શું રહેશે ? એટલે જ સ્પષ્ટ-દર્શનના સુંદર ઉદાહરણ રૂપે ભગવાન બુદ્ધને આપણે ગરીબને ધર્મોપદેશ નહીં, પણ પોતાની ભિક્ષા આપવાનો દાખલો વાંચીએ છીએ. એટલે જ ભગવાન મહાવીરને જાણીતા પ્રદેશોમાં નહીં, પણ અજાણ્યા પ્રદેશોમાં લોકોના દુ:ખ દર્દ અને અજ્ઞાન જાણવા માટે બાર–બાર વર્ષ સુધી સાધના કરતા સાંભળીએ છીએ. એટલે જ ગાંધીજીને નોઆખલી તરફ અત્યાચારથી પીડિત લોકોનાં આંસુ લૂછવા માટે ગામેગામ અને ઘરેઘર જતા જાણીએ છીએ.

સ્પષ્ટ દર્શન વગર ઈતિહાસની અનેક વાતોનો જવાબ ધર્મ વાળી શકશે નહીં! લાખો ઈસાઈઓ માર્યા ગયા. લાખો હિંદુઓ ખતમ થયા, લાખો મુસલમાનો કતલ થયા, લાખો બૌદ્ધોનો નાશ થયો અને લાખો યહુદીઓની કતલ વગર વાંકે કરી નાખવામાં આવી! આ બધું તો હમણાં-હમણાં થઈ ગયું છે. એટલે ઈતિહાસ જાણ્યા વગર આ બધી બાબતોનો જવાબ ધર્મ ક્યાંથી આપી શકશે ?

હમણાં જ અવકાશયાત્રીઓ અવકાશમાં જઈ આવ્યા છે અને તેણે પૃથ્વી તેમજ ખગોળની ઘણી વાતોને ફેરવી નાખી છે. આ નવી ભૂગોળના સંદર્ભમાં જૂની વાતો ક્યાં સુધી ટકશે તે આજના ધર્મ-પ્રચારકે વિચારવાનું છે! પૈસાદારોને મોજશોખ કરવાની છૂટ આપવા તેમજ શોષણ કરીને પૈસો મેળવવાની છૂટ આપવા માટે સ્વર્ગ-નરક, પાપ-પુણ્ય બધાની કલ્પના એક માત્ર પુંજીવાદને પોષણ આપવા માટે છે. આ આક્ષેપાત્મક બાબતનું નિરાકરણ જ્યાં સુધી અર્થનીતિના ઊંડાણમાં ન ઉતરાય ત્યાં સુધી કેવી રીતે આપી શકાય ? એટલે દરેક વસ્તુને તેના સ્થાને રાખી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે તેનું સ્પષ્ટ દર્શન નહીં થાય ત્યાં સુધી વિશ્વ આત્માઓ સાથેની એકતા ખરા સ્વરૂપે નહીં આવી શકે! તે પ્રગટ કરવા માટે પણ આ બધાંયે પાસાંઓનું દર્શન-જ્ઞાન જરૂરી છે.

આજે જગત જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં તીવ્ર ગતિએ કૂચ કરી રહ્યું છે; પણ તેની પાસે દર્શન-વિશુદ્ધિ નથી. તે ભૌતિક પ્રવાહોમાં તણાઈ રહ્યું છે; ધર્મગુરુઓ પાસે તે અંગે કંઈક માર્ગદર્શનની આશા રાખી શકાય, પણ તેમની દ્રષ્ટિ સાંપ્રદાયિકતાના આવરણથી અસ્પષ્ટ બની છે. એને દૂર કરી ખરેખર જીવનનાં નવાં મૂલ્યો સમજાવતો યુગધર્મ તેમણે સમજાવવાનો છે.

આ બધાં પાસાંઓ અંગે, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, રાજનીતિ, અર્થશાસ્ત્ર અંગે સંક્ષેપમાં પ્રવચનો રૂપે પૂ. મુનિશ્રી નેમિચંદ્રજીએ અને પૂરક પ્રવચનો રૂપે શ્રધ્ધેય શ્રી માટલિયાજીએ ઘણું કહ્યું છે. ધર્મમય સમાજરચના માટે કેવળ વિશ્વવાત્સલ્યના સાધક માટે જ નહીં; પણ દરેક ધર્મગુરુઓ માટે આ વસ્તુઓ એ સંદર્ભમાં સમજવી જરૂરી છે. તેના અભાવમાં આજના યુગ સંબંધી સ્પષ્ટ-દર્શન નહીં થાય એવું મારું વિનમ્ર માનવું છે.

**– સંપાદક-ગુલાબચંદ જૈન, ધર્માનુબંધી વિશ્વદર્શન, ભાગ ૯ માંથી સાભાર**

# કુદરતી ખાતરનું કારખાનું અળસીયુ

હરિયાળી ક્રાંતિએ ભારતની આખી પરિસ્થિતિ બદલી નાંખી છે. શરૂઆતમાં તેના ખુબજ સરસ પરીણામો જોવા મળ્યા પણ જેમ જેમ ઉત્પાદન વધારે મળતું ગયું તેમ તેમ જમીનની ફળદ્રુપતા ઘટતી ગઈ, સતત રસાયણીકખાતર અને જંતુનાશકદવાના ઉપયોગને લઈને જમીનનો બાંધો અને પત નબળા થતા ગયા. જમીનની નિતાર શક્તિ તેમજ ઉત્પાદકતા ઘટતી ગઈ, ખેતી ખર્ચમાં સતત વધારો થતો રહ્યો છે. કારણ કે રાસાયણીક ખાતર બીજ અને દવાઓ ખુબજ મોંઘા થયા છે, જમીનને લગતી સમસ્યાઓ દિવસે-દિવસે વધતી રહી છે. આ બધીજ સમસ્યાઓનું નિરાકરણ કુદરતી રીતે જ અળસીયાં દ્વારા થઈ શકે છે.

ઉત્ક્રાંતિવાદનાં પ્રણેતા ચાર્લ્સ ડાર્વિને અળસીયાને માનવનો મિત્ર કહેલ છે. તેણે લખેલ પુસ્તકોમાં પરાશર ઋષિના નામનો ઉલ્લેખ કરેલ છે. પરાશર ઋષિએ ખાતર બનાવવા અળસીયાની ઉપયોગીતા વિશે દર્શાવેલ, આમ નાના એવા અળસીયાનો ઉત્તમ ખેતી માટે ઉપયોગ આપણા વૈદીક સમયથી થતો રહ્યો છે. એરિસ્ટોટલે પણ અળસીયાને પૃથ્વિના આંતરડા કહ્યા છે. તેથી જ આપણે અળસીયાને ખેડુતનો મિત્ર કહીએ છીએ. તો ચાલો આપણે વામન લાગતા અળસીયાની વિરાટ ઉપયોગીતા વિશે જાણીએ. અળસીયા ઉછેર પધ્ધતિને ''વર્મિકલ્ચર બાયોટેકનોલોજી'' કહે છે તેના દ્વારા બનતા ખાતરને ''વર્મીકમ્પોસ્ટ'' અથવા ''વર્મીકાસ્ટ'' કહે છે. જે એક પ્રકારનું સંપુર્ણ રીતે જૈવીક ખાતર (બાયો ફર્ટીલાઈઝર) છે. જે રાસાયણીક ખાતરનો વિકલ્પ પુરો પાડે છે. આ પ્રકારનું ખાતર બનાવવા અળસીયા જુદા જુદા પ્રકારનો કચરો ખાઈ વેસ્ટમાંથી બેસ્ટ પ્રકારનું જૈવીક ખાતર બનાવે છે.

કોઈપણ જમીનનું ઓછામાં ઓછા બે વર્ષ સુધી ધ્યાન રાખીએ તેમજ રાસાયણીક ખાતર ન નાખીએ તો તેમાં એકર દીઠ લગભગ ચાર લાખ અળસીયા પેદા થશે. અળસીયાને ઉંઘ નથી કે આરામ નથી, તે જન્મે ત્યારથી અવીરત માટી ખાતું રહે છે. દરેક અળસીયું પ્રતિદિન પોતાના શરીરના વજનથી દોઢ ગણી માટી ખાઈ જાય છે. એક લાખ અળસીયાનું વજન આશરે એક ટન થાય છે. એક એકર જમીનમાં વસતા ચાર લાખ અળસીયા આ રીતે દરરોજ છ ટન માટી ખાઈને તેને મળ રૂપે ખાતર રૂપે બહાર કાઢે છે. જેનું રાસાયણીક પૃથ્થકરણ કરતાં તેમાં સાદી માટીની સરખામણીમાં પાંચ ગણું નાઈટ્રોજન, અગીયાર ગણું પોટાશ, સાત ગણું ફોસ્ફરસ, બે ગણું કેલ્શીયમ, અને બે ગણું મેગ્નેશીયમ અને બધા જ સુક્ષ્મ તત્વો લભ્ય સ્વરૂપમાં જોવા મળે છે. જમીનની સપાટીનો ઉપલો એક ઈંચ ફળદ્રુપ થર બનતા કુદરતી રીતે પાંચસો વર્ષ લાગે છે જે અળસીયા દ્વારા ફક્ત પાંચ વર્ષમાં થાય છે. અળસીયા જમીનમાં પાંચ થી છ ફુટ ઉંડી જમીનમાં જોવા મળે છે. ઘણી વખત તે ચાલીસ ફુટ સુધી ઉંડા પણ જોવા મળે છે. મોઢેથી અળસીયા જ્યારે પત્થર પર પ્રહાર કરે છે ત્યારે તેમનું પત્થર પર લાગતું દબાણ એક ટન પ્રતિ ચોરસ સે.મી. હોય છે. આથી તેઓ ખડકાળ જમીન પણ ખોદી શકે છે. પણ તેને રહેવા જમીનમાં ભેજની આવશ્યકતા રહે છે.

અળસીયું જ્યારે જમીનમાં સરકે છે તે જમીનને ખુબજ છીદ્રાળુ, પોચી અને ભરભરી બનાવે છે. આથી ખેડાણ કરવાની જરૂરીયાત રહેતી નથી. તેમજ જમીનમાં વૃક્ષના મુળમાં હવાની અવરજવર ખુબજ સારી થતાં તેનો વિકાસ ખુબજ સારો અને તંદુરસ્ત થાય છે.

અળસીયા આધારીત ખેતીના ફાયદા નીચે મુજબ છે.

૧. જમીનનો પત અને બાંધો સુધારે છે.
૨. જમીનની ફળદ્રુપતા વધારે છે.
૩. પાણી સંગ્રહવાની શક્તિ ૪૦૦ ગણી વધે છે.
૪. જમીનની નિતાર શક્તિ વધે છે.
૫. જમીનનું ધોવાણ અટકે છે.
૬. કુદરતી ખેડ થાય છે.
૭ જમીનમાં ભેજની જાળવણી થાય છે. બાષ્પિભવનમાં ઘટાડો થાય છે.
૮. રોગ જીવાત સામેની પ્રતિકાર શક્તિ વધે છે.
૯. બીન ઉત્પાદક જમીનને ઉત્પાદકતામાં ફેરવે છે.
૧૦. ઉત્પાદન (પેદાશ) ની ગુણવતા વધે છે.
૧૧. છોડને જરૂરી પોષક તત્વો લભ્ય સ્વરૂપમાં મળે છે.
૧૨. જમીનમાં પી.એચ. (pH) ને તટસ્થ (Neutral) કરે છે.

**- ડો. વી.જી. અટ્ટારા અને શ્રી પંકજ વી. મોદી,**
**કૃષિતીર્થ, જામનગર**

# રખડતી ગાયોના મોતનું કારણ

રખડતી ગાયોના મોતનું કારણ પ્લાસ્ટિકની થેલીઓ છે. એક સર્વે મુજબ ગાયોના પેટમાં જમા થયેલ કચરામાં ૮૫% હિસ્સો પ્લાસ્ટિકની થેલીઓનો છે. ચાલો, આપણે કપડાની થેલી અપનાવીએ અને પ્લાસ્ટિકની થેલીઓ વાપરવાનું બંધ કરીને ગાયમાતાને અસહ્ય વેદના અને ત્યાર બાદ નિપજતા મોતથી બચાવીએ.

**- ઈન્ટરનેટ પરથી : શાંતિલાલ ગડા**

# આનંદ કુમારની અદ્‌ભુત દાસ્તાન

બીહારમાં બોધગયા અને નાલંદાની વચ્ચે આવેલા ઔરંગાબાદ જીલ્લાના ચેનવા ગામમાં રામપ્રવેશ એની પત્ની મીનાદેવી અને બાળક અનુપ સાથે ઝુંપડામાં રહે. કારમી ગરીબી. કોઈ નોકરી નહીં, વ્યવસાય નહીં. છુટકછાટ કામ મળે એ કરે. જીંદગી એને રોજ વહેલી સવારે એક જ પ્રશ્ન પુછે : આજે ખાશો શું? આજની સુકી રોટલી અને પાતળી દાળ આવશે ક્યાંથી?

એક દીવસ ઢળતી સાંજે એ ભુખ્યો-તરસ્યો ઘરે આવ્યો. ઘરમાં એક દાણો અનાજ નહીં. અચાનક નવ વર્ષનો અનુપ રડવા માંડ્યો. 'શું થયું બેટા?' માએ પુછ્યું. 'મા, ભુખ લાગી છે.' મીનાદેવી જમીન પર ફસડાઈ પડી. રડવા માંડી. રામપ્રવેશથી કેમ સહન થાય? પત્નીને કહે : 'તું પાણી ઉકળવા મુક હું મુઠ્ઠી ચોખા લઈને હમણાં આવ્યો.'

પાણી ઉકળવા માંડ્યું પણ રામપ્રવેશનો પત્તો નહીં. ચુલો ઠંડો પડી ગયો. કલાકો વીતી ગયા. અનુપ માના ખોળામાં ઉંઘી ગયો.

અને રામપ્રવેશ કદી પાછો ન આવ્યો. આખા ગામે શોધખોળ કરી પણ વ્યર્થ. માની લીધું કે બાપડાએ આત્મહત્યા કરી લીધી હશે. 'હું કાંઈ જ નથી કરી શકતો!' લાચારીની એ વેદના એને ભરખી ગઈ હશે.

મીનાદેવી હીંમતવાન સ્ત્રી. એ ન તો પડી ભાંગી કે ન તો એણે હાર માની લીધી. એને થયું કે આ કીચડમાંથી બહાર નીકળવાનો એક જ રસ્તો છે. એણે સંકલ્પ કર્યો કે હું અનુપને ભણાવીને જ રહીશ. અનુપ કદી શાળાનાં પગથીયાં ચડ્યો ન હતો. દુર એક શાળા હતી, તુટેલી ફુટેલી. પણ ત્રણ-ચાર શીક્ષકો નીષ્ઠાવાન હતા. જેમ તેમ કરી અનુપ સાતમા ધોરણમાં તો આવ્યો. મા એને ખુબ જ વહાલી. એને જાણ હતી કે મા એના શીક્ષણ માટે ભીષણ મજુરી કરતી હતી. એણે નીશ્ચય કર્યો કે એ ભણશે, ખુબ ભણશે.

અને ૧૦મી માં એ ૮૪.૮ ટકા માર્ક્સ લાવ્યો. ગામે ઉત્સવ મનાવ્યો. પરંતુ હવે શું? મીનાદેવીએ અર્ધભુખ્યા રહીને થોડાક પૈસા બચાવ્યા હતા. મહામહેનતે એ ગયાની કોલેજમાં દાખલ થયો. બારમામાં એ ૮૧.૮ ટકા માર્ક્સ લાવ્યો. માને મદદ કરવા એણે સ્થાનીક કુરીયર કંપનીમાં નોકરી લીધી. ખબર પડી ત્યારે મીનાદેવી ભડકી ઉઠી. ''તું કાયર છો? અરે, હજી તો તારે આગળ જવાનું છે, ખુબ આગળ.''મા-દીકરો પટણા આવ્યાં કે કોઈ માર્ગ મળે. અનુપને એન્જીનીયરીંગમાં રસ હતો. પણ કોચીંગ ક્લાસો તો ૧૦, ૨૦ અને ૩૦ હજારની ફીઝ લેતા. મુખ્ય પ્રધાન નીતીશકુમારને ઘરે ગયાં. ત્યાં કંપાઉન્ડમાં જ એક અધીકારી મળ્યા. કહે: ''અમારી પાસે તમને મદદ થઈ શકે એવી કોઈ વ્યવસ્થા નથી. પણ તમને એક નંબર આપું. એની ઉપર તમે આનંદકુમાર સાથે વાત કરો. એના 'સુપર ૩૦' માં તમને પ્રવેશ મળે તો સમજો જીંદગી સુધરી ગઈ.'' આનંદ કુમારે પુછ્યું : ''કેટલા દીવસથી પટણામાં છો? ક્યાં રહો છો?'' મીનાદેવીએ કહ્યું: ''ચાર દીવસથી. આખો દીવસ કોઈ મદદ-માર્ગદર્શન શોધીએ છીએ અને ચણા-મમરા ખાઈ, નળમાંથી પાણી પી, છાપાં પાથરી રેલવે સ્ટેશન પર સુઈ જઈએ છીએ.''

આઈ.આઈ.ટી.ની પ્રવેશ પરીક્ષા 'જી' માટે ગરીબમાં ગરીબ છોકરાં-છોકરીઓને તાલીમ આપતા આનંદ કુમારના કોચીંગ ક્લાસનું નામ 'સુપર ૩૦'. અહીં વંચીત, ઉપેક્ષીત, પીડીત વર્ગોમાંથી આવતાં હોનહાર, મહેનતુ અને નીષ્ઠાવાન છોકરા-છોકરીઓને મફત રહેવાનું, ખાવાનું અને ઉચ્ચતમ્ અપ્રતીમ તાલીમ અપાય. જાણે આધુનીક ગુરુકુળ પ્રથા જોઈ લો.

'સુપર-૩૦' માં પ્રવેશવા, એટલે કે આનંદ દર વર્ષે ૩૦ વીદ્યાર્થીઓને તાલીમ આપે એમાંના એક બનવા, સેંકડો ગરીબ વીદ્યાર્થીઓની અરજી આવે. એટલે પ્રવેશ-પરીક્ષા લેવાય અને ૩૦ વીદ્યાર્થીઓને પ્રવેશ અપાય. પ્રવેશ-પરીક્ષાને પાંચ જ દીવસ બાકી હતા. આનંદે મા-દીકરાની રહેવાની-ખાવાની વ્યવસ્થા કરી. અનુપને માર્ગદર્શન અપાવ્યું. અનુપે પરીક્ષા આપી, 'સુપર-૩૦'માં પ્રવેશ મેળવ્યો, આઈ.આઈ.ટી-જીમાં પાસ થયો અને મુંબઈ સ્થીત આઈ.આઈ.ટી. માં પ્રવેશ મેળવ્યો. આજે એની સામે આખી દુનીયા ખુલી ગઈ છે. અને સફળતાના સર્જનાત્મક વીકલ્પો કતાર લગાડી ઉભા છે. અનુપ જેવી ઉપેક્ષીત પાર્શ્વભુમીકામાંથી આવેલા સેંકડો ગરીબ છોકરા-છોકરીઓ આનંદને લીધે આજે સફળતા કે સમૃદ્ધીની ટોચ પર બેઠાં છે. માત્ર શીક્ષણક્ષેત્રે ઉચ્ચતમ કક્ષાનું કાર્ય આનંદકુમાર નથી કરી રહ્યા. ખુદ નીચલા મધ્યમ વર્ગમાંથી આવેલા આ માણસે તો એક ટચુકડી પણ જોરદાર સામાજીક ક્રાંતીની શરુઆત કરી છે જેની નોંધ દુનીયાભરમાં લેવાઈ રહી છે. મેથેમેટીક્સના ઉચ્ચતમ્ કક્ષાના આ નીષ્ણાતને કેમ્બ્રીજ યુનીવર્સીટીમાં સીધો પ્રવેશ મળ્યો હતો, પરંતુ પૈસાના અભાવે એમનું સ્વપ્ન રોળાઈ ગયું હતું. પણ ઈશ્વરની લીલા ન્યારી છે. એ કેમ્બ્રીજ ન ગયા એમાં હજારો ગરીબ, લાચાર યુવા-યુવતીઓ જીંદગી તરી ગયાં. **(આ લેખની હકીકતો બીજુ મેથ્યુના પુસ્તક: 'સુપર ૩૦ - આનંદ કુમાર' માંથી લેવાઈ છે).**

**- પ્રે. હોમી દસ્તુર, નયા માર્ગ માંથી સાભાર.**

## સિક્કિમ : ભારતનું સર્વપ્રથમ ઓર્ગેનિક સ્ટેટ

ભારતમાં હરિયાળી ક્રાંતિનો પ્રારંભ થયો તે પહેલા ભારતના તમામ ખેડૂતો રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ વિના ઓર્ગેનિક ખેતી કરતા હતા અને મબલખ પાક લણતા હતા. ખેતીમાં હાનિકારક રસાયણો ન હોવાને કારણે ભારતની પ્રજા તંદુરસ્ત રહેતી હતી. કેન્સર અને ટી.બી. જેવી જીવલેણ બિમારીઓ જોવા મળતી નહોતી. વધુ પાક લેવાની લાહ્યમાં ભારતના ખેડૂતો જ્યારથી ઝેરી રસાયણોનો ઉપયોગ કરવા લાગ્યા ત્યારથી પ્રજાનું અને જમીનનું આરોગ્ય પણ કથળ્યું છે. ખેડૂતો દેવાદાર બન્યા છે અને આપઘાત કરવા લાગ્યા છે. આ વિટંબણામાંથી બહાર આવવું હોય તો તેનો શ્રેષ્ઠ માર્ગ ઓર્ગેનિક ફાર્મિંગ તરફ પાછા ફરવું તે છે. યુરોપ અને અમેરિકાના દેશોમાં આજે ઓર્ગેનિક ફાર્મિંગ દ્વારા પેદા કરાયેલા અનાજ, કઠોળ, ફળો અને શાકભાજીની ભારે ડિમાન્ડ છે. ભારતના ખેડૂતોને હજુ વિશ્વાસ નથી બેસતો કે ઓર્ગેનિક ફાર્મિંગ ફાયદાકારક બની શકે છે. આ બાબતમાં ઉદાહરણ ભારતના છેવાડાનાં રાજ્ય સિક્કિમે પૂરૂં પાડ્યું છે. આ જાન્યુઆરી મહિનામાં સિક્કિમ ભારતનું સર્વપ્રથમ ઓર્ગેનિક સ્ટેટ બન્યું છે, જ્યાં તમામ જમીન પર રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, જે ખેડૂતો ઝેરી રસાયણોનો ઉપયોગ કરે તેમના માટે જેલની સજાની અને દંડની જોગવાઈ પણ કાયદામાં કરવામાં આવી છે.

સિક્કિમ રાજ્ય ચારે બાજુ પહાડોથી ઘેરાયેલું છે. તેની વસતિ માત્ર ૬ લાખની છે. સિક્કિમ તેનાં ફૂલો, ફળો અને શાકભાજી માટે જાણીતું છે. સિક્કિમમાં પરંપરાગત ખેતી છાણિયા ખાતરથી જ થતી હતી, પણ હરિયાળી ક્રાંતિની અસર હેઠળ કેટલાક ખેડૂતો કેમિકલ ફાર્મિંગ તરફ વળ્યા હતા. સિક્કિમની સરકારને ખ્યાલ આવ્યો કે ખેતીમાં ઝેરી રસાયણોના ઉપયોગને કારણે પીવાનું પાણી પણ પ્રદૂષિત થઈ રહ્યું છે અને આરોગ્ય કથળી રહ્યું છે ત્યારે તેને ઓર્ગેનિક ફાર્મિંગનો વિચાર સૂઝ્યો.

ઈ.સ. ૨૦૦૩માં સિક્કિમના મુખ્ય પ્રધાન પવન ચામલિંગે વિધાનસભામાં રાજ્યને સંપૂર્ણપણે ઓર્ગેનિક સ્ટેટ બનાવવાનો વિચાર વહેતો મૂક્યો અને પ્રજાએ તેને વધાવી લીધો. તે સમયે રાજ્યની આશરે ૭૫,૦૦૦ હેક્ટર જમીનમાં કેમિકલ ફાર્મિંગ કરવામાં આવતું હતું. રાજ્ય સરકારે નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન જેવી સંસ્થાની મદદથી ખેડૂતોને સમજાવીને તેમને ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વાળવાનું શરૂ કર્યું. સિક્કિમ રાજ્યનાં પાઠ્યપુસ્તકોમાં બાળકોને ઓર્ગેનિક ફાર્મિંગના ફાયદા સમજાવતા પાઠો દાખલ કરવામાં આવ્યા. પ્રારંભમાં ઘણા ખેડૂતોએ તેનો વિરોધ કર્યો, પણ તેમને જ્યારે સમજાયું કે ઓર્ગેનિક ફાર્મિંગને કારણે ખર્ચમાં ઘટાડો થાય છે ત્યારે તેઓ આપમેળે તેના તરફ વળવા લાગ્યા. આજે સિક્કિમના બધા ખેડૂતો ઓર્ગેનિક ફાર્મર બની ગયા છે.

સિક્કિમના મુખ્ય પાકો ડાંગર, મકાઈ, તજ, આદુ, હળદર, કિવી ફળ, શાકભાજી અને ફળો છે. ભારતમાં ૧૨.૪ લાખ ટન જેટલા ઓર્ગેનિક પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે. તેમાં નાનકડાં સિક્કિમ રાજ્યનો ફાળો ૮૦,૦૦૦ ટન જેટલો છે. સિક્કિમની ખ્યાતિ ઓર્ગેનિક સ્ટેટ તરીકે ફેલાઈ જતાં ત્યાં આવતા સહેલાણીઓની સંખ્યામાં પણ વધારો થવાની સંભાવના છે. સિક્કિમમાં જે ઓર્ગેનિક ચીજવસ્તુઓ પેદા કરવામાં આવે છે તેના લેબલિંગ માટેની તૈયારી પણ ચાલી રહી છે. અમેરિકામાં કેલિફોર્નિયા, વિસ્કોન્સિન વગેરે રાજ્યો ઓર્ગેનિક સ્ટેટ તરીકે વિખ્યાત છે. સિક્કિમ ભારતનું સર્વપ્રથમ ઓર્ગેનિક સ્ટેટ બન્યું તે પછી મેઘાલય, કેરળ અને અરૂણાચલ પણ ઓર્ગેનિક સ્ટેટ બનવાની લાઈનમાં ઊભા છે. ગુજરાતનાં મુખ્યમંત્રી જો નક્કી કરે તો સિક્કિમની જેમ એક દાયકામાં ગુજરાતને પણ ઓર્ગેનિક સ્ટેટ બનાવી શકે તેમ છે. ભારતમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનાં ભયસ્થાનો બાબતમાં જાણ થતી જાય છે તેમ ખેડૂતો ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વળી રહ્યા છે. ઈ.સ. ૨૦૧૧માં કેરળમાં એન્ડોસલ્ફન નામના જંતુનાશક ઝેરને કારણે ૧૫૦ લોકો મગજના તાવનો શિકાર બન્યા તે પછી સુપ્રિમ કોર્ટે એન્ડોસલ્ફનના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. વૈજ્ઞાનિક પરીક્ષણોમાં પીવાનાં પાણીમાં, અનાજમાં, કઠોળમાં અને માતાના દૂધમાં પણ જંતુનાશકો જોવા મળ્યા હતા. બનારસ હિન્દુ યુનિવર્સિટીના હેવાલ મુજબ જે ખેડૂતો ઓર્ગેનિક ફાર્મિંગ અપનાવે તેમના ઉત્પાદનમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો જોવા મળે છે. પણ ખર્ચમાં ૩૦ થી ૩૫ ટકાનો ઘટાડો થતો હોવાથી સરવાળે તેમને ફાયદો થાય છે. વળી ઓર્ગેનિક પેદાશના ભાવો પણ વધુ ઉપજે છે.

છેલ્લા ૧૫ વર્ષમાં સિક્કિમ ધીમી પણ મક્કમ ગતિએ ઓર્ગેનિક સ્ટેટ બનવા તરફ આગળ વધ્યું છે. ઈ.સ.૨૦૦૧ ની સાલમાં સિક્કિમના ખેડૂતો વર્ષે ૩,૦૦૦ ટન જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતા હતા. સિક્કિમની પ્રત્યેક એક હેક્ટર જમીન દીઠ ૫.૮ કિલોગ્રામ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો હતો. સિક્કિમની

સરકારે ઈ.સ.૨૦૦૬/૨૦૦૭ની સાલથી રાસાયણિક ખાતરોની ખરીદી પર આપવામાં આવતી સબસિડી બિલકુલ બંધ કરી દીધી હતી. રાસાયણિક ખાતર મોંઘું પડતું હોવાથી ખેડુતો પોતાની મેળે જૈવિક ખાતર તરફ વળવા લાગ્યા હતા.

સિક્કિમના ખેડૂતોને ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વાળવા રાજ્ય સરકાર દ્વારા ખેતરોમાં માટીના પોષક ઘટકો બાબતમાં સેમિનારો યોજવામાં આવ્યા હતા. રાસાયણિક ખાતરો પાછળ ખર્ચા કરવાને બદલે ખેતીવાડીમાં નીકળતા નકામા પદાર્થોને સડાવીને કેવી રીતે તેમાંથી જૈવિક ખાતર બનાવવું તેની પ્રત્યક્ષ તાલીમ ખેડૂતોને આપવામાં આવતી હતી. સરકાર દ્વારા દરેક ગામમાં વર્મીકમ્પોસ્ટ માટેના ખાડાઓ તૈયાર કરી આપવામાં આવ્યા હતા, જેમાં ખેડૂતો જૈવિક ખાતર બનાવતા થયા હતા. જો ઓર્ગેનિક ફાર્મિંગનો પૂરેપૂરો લાભ ઉઠાવવો હોય તો દેશી ખાતર અને વનસ્પતિજન્ય જંતુનાશકો ઉપરાંત દેશી બિયારણની પણ આવશ્યકતા હતી. સિક્કિમની સરકારે દેશી બિયારણોનું ઉત્પાદન કરવા માટે કેન્દ્રો બનાવ્યાં હતાં અને ખેડૂતોને મફત દેશી બિયારણ આપ્યું હતું. જો ઓર્ગેનિક ફાર્મિંગ દ્વારા પેદા થયેલા પદાર્થો અલગ લેબલ સાથે વેચવામાં આવે તો લોકો તેની વધુ કિંમત આપવા તૈયાર હોય છે કેમ કે તે અનાજ વધુ સ્વાદિષ્ટ તેમ જ પૌષ્ટિક હોય છે અને તેનાથી આરોગ્યને કોઈ નુકશાન થતું નથી. સિક્કિમની સરકાર દ્વારા ઓર્ગેનિક પદાર્થોનું નફાકારક માર્કેટિંગ કેવી રીતે કરવું તેની યુવાનોને તાલીમ પણ આપવામાં આવી હતી. તેમણે ઓર્ગેનિક ફૂડ વેચવા માટે સહકારી મંડળીઓ બનાવી છે. ગાંગટોકની કાંચનજંગા માર્કેટમાં ઓર્ગેનિક ફળો વેચતા સ્ટોલ અલગ જોવા મળે છે. ટુરિસ્ટો પણ વધુ રૂપિયા ચૂકવીને ઓર્ગેનિક ફૂડ વધુ પસંદ કરે છે. ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગને કારણે કેટલાક ઉપયોગી જંતુઓ અને પક્ષીઓ પણ નાશ પામવાની કગાર પર પહોંચી ગયા હતા, જેને કારણે વસંત ઋતુમાં પણ પક્ષીઓનો કલરવ સાંભળવા મળતો નહોતો. સિક્કિમના ખેડૂતોએ ઝેરી કેમિકલ્સનો વપરાશ બંધ કર્યો ત્યારથી પક્ષીઓ ખેતરમાં પાછા ફર્યા છે અને તેમનો કલરવ સંભળાઈ રહ્યો છે. સિક્કિમના ખેડૂતો જે ક્રાંતિ કરી શક્યા તે ભારતના તમામ ખેડૂતો પણ કરી શકે તેમ છે.

**- સમકિત શાહ, 'ગુજરાત મિત્ર'માંથી, સૌ.સંગત**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## જમીન પર બેસીને જમવાના ફાયદા

વડીલો આપણને હંમેશા જમીન પર બેસીને પલાંઠી વાળીને જમવાનું કહેતા હોય છે કારણ કે એના અનેક આરોગ્યલક્ષી લાભ છે.

મગજને સંદેશો : જમીન પર બેસો ત્યારે મોટા ભાગે તમે સુખાસન અથવા અર્ધપદ્માસનમાં બેસો છો. આ આસનથી ત્વરિત શાંતિનો અનુભવ થાય છે તથા પાચનમાં મદદ મળે છે. એનાથી પેટને પાચન માટે તૈયાર કરવાનો સંદેશો મગજને આપમેળે જ જતો હોવાનું મનાય છે.

પાચનમાં મદદ : જમીન પર બેસીને જમતી વખતે કુદરતી રીતે જ નિતંબથી આગળ વળવું પડે છે જ્યારે ખુરશી પર બેસીને જમતી વખતે ફક્ત છાતીથી જ આગળ વળવું પડે છે. આ સતત આગળપાછળ વળવાની ક્રિયા પેટના સ્નાયુઓને સક્રિય રાખે છે, પાચકરસનું પ્રમાણ વધારે છે જે પાચનક્રિયામાં મદદ કરે છે.

વજનમાં ઘટાડો : તમે જમીન પર બેસો છો ત્યારે તમારું મગજ આપમેળે જ શાંત થાય છે અને તમે જે આરોગો છો એના પર કેન્દ્રીત થાય છે તથા જમવાનું પૂરું કરવામાં, તૃપ્તિ અનુભવવામાં મદદ કરે છે. બીજીવાર ભોજન લેતી વખતે ઊઠવું પડે છે અથવા આગળ વળવું પડે છે જેમાં વધુ હલનચલન થાય છે. એ વધુ પડતું જમવા પર પણ અંકુશ આણે છે.

પોશ્ચરમાં સુધારો: સારું પોશ્ચર ઈજાથી બચાવવામાં મદદ કરે છે. ઉપરાંત એ સ્નાયુઓ અને સાંધાઓ પર વધુ પડતું ખેંચાણ પણ ઘટાડે છે. તમે જમીન પર બેસો ત્યારે પોશ્ચર પ્રત્યે તમારી સભાનતા વધે છે, કરોડરજ્જુ વિસ્તૃત થાય છે, ખભા પાછળ જાય છે અને ખરાબ પોશ્ચરને લીધે થતો સામાન્ય દુખાવો મટી જાય છે.

રૂધિરાભિસરણમાં મદદ: નીચે બેસવાથી રૂધિરાભિસરણમાં મદદ મળે છે કારણ કે રક્તનો પ્રવાહ કુદરતી રીતે હૃદયથી પાચનતંત્ર તરફ જાય છે. એથી મજબૂત સ્નાયુઓને કારણે હૃદય પણ સ્વસ્થ રહે છે અને દૈનિક જીવનના દબાણ સહન કરવા સક્ષમ બને છે.

**- સૌ. જન્મભૂમિ પ્રવાસી**

**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય શ્રી પી.કે.કે. આર ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ડિરેક કે. રાજ તરફથી મળેલ છે. જેની હર્ષ તથા આભારની લાગણી સાથે સ્વીકાર કરીએ છીએ.**

## સમસ્યાઓ સામે રડીએ નહીં પણ લડીએ

એકવાર ભગવાન શ્રીકૃષ્ણ, મોટાભાઈ બલરામ અને સાત્યકિ (જે દ્વારીકાનો બહુ મોટો યોદ્ધો હતો) સાથે જંગલમાં ફરવા માટે નીકળ્યા. વાતો કરતા કરતા જંગલમાં ખુબ દૂર સુધી પહોંચી ગયા. જંગલ એવું ગાઢ હતું કે એ લોકો પાછા વળતી વખતે રસ્તો જ ભૂલી ગયા. બહાર નીકળવાનો રસ્તો શોધતા સાંજ પડવા આવી પણ રસ્તો મળતો નહોતો. શ્રીકૃષ્ણએ કહ્યું, 'સાંજ પડવા આવી છે માટે હવે રસ્તો શોધવાનું બંધ કરીએ અને જંગલમાં જ રાતવાસો કરીએ. સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું કારણ કે જો અત્યારે રસ્તો શોધીશું તો અંધારાને કારણે ઉલટાના વધારે ગુંચવાઈ જઈશું.'

સાત્યકિએ શ્રીકૃષ્ણની આ વાતનો વિરોધ કરતાં કહ્યું, 'માધવ, આપની વાત સાચી છે કે રાત્રે રસ્તો શોધવાને બદલે અહિંયા જ રાતવાસો કરીએ પણ શું આપ એ નથી જાણતા કે આ ગાઢ જંગલમાં બ્રહ્મરાક્ષસ રહે છે જે માણસોને મારી નાખે છે ?' શ્રીકૃષ્ણએ હસતા હસતા કહ્યું, 'સાત્યકિ, એ તો મેં પણ સાંભળ્યું છે પણ આપણે ત્રણે સારા યોદ્ધાઓ છીએ અને બ્રહ્મરાક્ષસની સામે લડવા માટે સક્ષમ છીએ. રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીને ત્રણે વ્યક્તિ જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સુતેલાની રક્ષા કરે.' સાત્યકિ અને બલરામ બંનેને શ્રીકૃષ્ણની આ વાત ગમી.

જાગવાનો સૌથી પહેલો વારો સાત્યકિનો હતો. શ્રીકૃષ્ણ અને બલરામ ઘસઘસાટ ઉંઘી રહ્યા હતા. થોડો સમય થયો અને સાત્યકિ બ્રહ્મરાક્ષસને બરોબરની લડત આપતો હતો. આ દ્વંદયુદ્ધમાં બંને એકબીજાને મારી રહ્યા હતાં. જ્યારે સાત્યકિને વાગે એટલે એ દર્દની ચીસ પાડે એનું પરિણામ એ આવે કે સાત્યકિની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય અને કદ મોટું થવાથી હવે પછી આવનારા મુક્કાની તાકાત વધી જાય. સાત્યકિ બ્રહ્મરાક્ષસના મુક્કા ખાઈને અધમુવો થઈ ગયો. સાત્યકિનો જાગવાનો સમય પુરો થયો એટલે એમણે તુરંત જ બલરામને જગાડ્યા. હવે બલરામે આ રાક્ષસ સામે લડાઈ લડવાની હતી. પરંતુ બલરામે એ જ કર્યું જે સાત્યકિએ કર્યું હતું. બલરામને પણ વાગે એટલે દર્દની ચીસ પાડે અને એનું પરિણામ એ આવે કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય. બલરામ પણ લડી લડીને થાક્યા કારણ કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ સતત વધી રહ્યું હતું. બલરામનો લડવાનો સમય પુરો થયો એટલે એમણે શ્રીકૃષ્ણને જગાડ્યા.

શ્રીકૃષ્ણે બ્રહ્મરાક્ષસ સાથેની આ લડાઈમાં નવી વ્યુહરચના અપનાવી, પોતાને જ્યારે તક મળે ત્યારે પેલા રાક્ષસને બરોબરનો મારી લે અને રાક્ષસ મારે ત્યારે પોતાને વાગે છતા દર્દની ચીસ પાડવાના બદલે ઉલટાનું તેની સામે જોઈને ખડખડાટ હસે. એનું પરિણામ એ આવ્યું કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ નાનુ થવા લાગ્યું અને થોડા સમયની લડાઈમાં એનું કદ નાની પુતળી જેવું થઈ ગયું. પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પુતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો અને શાંતીથી સુઈ ગયા.

સામાન્ય લાગતો આ પ્રસંગ ખૂબ મહત્ત્વનો સંદેશો આપી જાય છે. આપણા બધાના જીવનમાં પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ રુપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા કરીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને ખલાસ કરી દે. પરંતુ જો આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પુતળી જેવું થઈ જાય અને આપણે એને ખલાસ કરી શકીએ. આપણા શરીરમાં જ્યાં સુધી શ્વાસ ચાલતો રહેશે ત્યાં સુધી સમસ્યાઓ પણ રહેવાની જ છે. આ સમસ્યાઓથી ડરવાની નહીં, લડવાની જરૂર છે. જે લોકો સમસ્યાઓ સામે લડી શકે છે એ ગમે તેવી મોટી સમસ્યા કે પ્રશ્નને પણ ધીમે ધીમે નાનો બનાવીને છેવટે તેના પર વિજય મેળવી લે છે.

**- શૈલેષ સગપરિયા, પરિત્રાણ માંથી**

---

**અનુસંધાન પાના નં.૧૯ પરથી ચાલુ...**

એ સમયે અમેરિકન ફૂડ એઈડ ઓર્ગેનાઈઝેશનના વડા હતા હર્બર્ટ હુવર. હુવર પછી તો અમેરિકાના પ્રમુખ બન્યા હતા. હુવરે સત્વરે મદદ કરવાનું વચન આપી, હજારો ટન અનાજ વિમાનો મારફત પોલેન્ડ પહોંચતું કર્યું. પોલેન્ડ ભૂખમરામાંથી ઊગરી ગયું.

પેડ્રેવસ્કીને ખૂબ જ રાહત મળી. એમણે જાતે જઈને હર્બર્ટ હુવરનો આભાર માનવાનું નક્કી કર્યું. બંને જ્યારે મળ્યા ત્યારે પેડ્રેવસ્કીએ હુવરનો આભાર માનવા શબ્દો કહેવાનું હજુ તો શરૂ જ કર્યું ત્યાં જ હુવરે એમના હાથ પકડી લીધા. એમને બોલતા અટકાવીને હુવરે કહ્યું: 'મિસ્ટર પ્રેસિડેન્ટ ! તમારે આભાર માનવાનો જ ન હોય. કદાચ આજે તમને યાદ નહીં હોય, પરંતુ વર્ષો પહેલા સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ કૉલેજની ફી ભરી શકે એ માટે તમારા કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને તમે મદદ કરી હતી. યાદ આવ્યું ? એમાંનો એક વિદ્યાર્થી હું છું !'

**- કિશોર મકવાણા, સોશિયલ નેટવર્ક**

## એક અનોખી કંકોત્રી

જ્યારે પરંપરા અને પ્રથામાં આડંબર પ્રવેશે છે, ત્યારે રીત-રીવાજોને કુરિવાજોમાં બદલતા વાર નથી લાગતી.

એક જમાનામાં લગ્નના શુભ સમાચાર આપવા ૫ કે ૧૦ રૂા. માં છપાતી કંકોત્રી હવે ૫૦ કે ૧૦૦ રૂા. માં છપાય છે. તેમાં વળી જે શ્રીમંત વર્ગ છે તેઓ પોતાના પૈસાનું પ્રદર્શન કરવાનો મોકો કેમ ચૂકે? આથી ૨૦૦-૫૦૦ કે ૧૦૦૦ રૂા. વાળી કંકોત્રીઓ પણ છપાય છે. ફક્ત ૧ અથવા ૨ કે ૩ દિવસ ચાલનારા લગ્ન મહોત્સવ માટે આટલો ખર્ચ કર્યા પછી પણ એક વખત વાંચ્યા પછી કંકોત્રીઓ પસ્તીમાં જ જાય છે. વળી કેટલીક કંકોત્રીઓ NON-BIODEGRADABLE મટીરીયલમાંથી બનેલી હોવાથી પસ્તીવાળો પણ લેતો નથી એટલે પર્યાવરણને હાની પહોંચાડે છે.

મુંબઈ જેવા શહેરમાં એક અંદાજ મુજબ દર વર્ષે ૧ લાખ જેટલા લગ્ન થાય છે, જેમાં બન્ને પક્ષની મળીને ૨૦૦ થી ૨૦૦૦ સુધીની સંખ્યામાં કંકોત્રીઓ છપાય છે. એવરેજ ૫૦૦ ની સંખ્યા ગણીએ તો ૫ કરોડ કંકોત્રીઓ ફક્ત મુંબઈમાં જ છપાય છે. તો આખા દેશમાં કેટલી કંકોત્રીઓ છપાતી હશે તેનો વાંચકો અંદાજ લગાવી શકે છે, આટલા મોટા પાયા પર છપાતી કંકોત્રી માટે કેટલા વૃક્ષોનું નિકંદન થતું હશે તે વિચારવા જેવો પ્રશ્ન છે.

આ પાર્શ્વભૂમિને ધ્યાનમાં લઈને પૂના જિલ્લાના જાતે ગામના દિગંબર કામઠે એક સરસ નિર્ણય લીધો. સુતરાઉ (COTTON) રૂમાલ પર કંકોત્રીઓ છાપવામાં આવી. લગ્નસંદેશ વાંચ્યા બાદ રૂમાલ ધોવામાં નાંખવામાં આવે ત્યારે છપાઈના કોઈ પણ ડાઘ રહેવા ન પામે, તેની કાળજી લેવામાં આવી જેથી કરીને આમંત્રિત વ્યક્તિ ઘણા લાંબા સમય સુધી આ રૂમાલ પોતાના રોજિંદા વપરાશમાં લઈ શકે. આજે જે ઘરોમાં દિગંબર કામઠે કંકોત્રી આપી હતી, તેઓ તેમના દૈનિક વપરાશમાં સુતરાઉ રુમાલ વાપરી રહ્યા છે. આમ એક પ્રકારે આ વસ્ત્રદાન પણ થયુ અને જંગલનાં વૃક્ષો કપાતા બચી ગયા એથી પર્યાવરણની રક્ષા પણ થઈ.

આ વિચાર આપને ગમ્યો હોય તો આપના સ્નેહી સ્વજનો સુધી પહોંચાડવાની વિનંતિ. **મૂળ લેખક-દતાત્રય વારે, ગુરુજી, મરાઠીમાંથી, ભાવાનુવાદ-સંપ્રતિ ગડા.**

**ગાય કેવલ ધાર્મિક દ્રષ્ટિસે બચાનેકી બાત નિતાંત અજ્ઞાન હૈ, ધર્મસે ગાય નહીં બચતી ગાય સે ધર્મ બચતા હૈ।**

## જીવન : સાત સૂરોની સરગમ

મનને શાંતિ અને સ્થિરતા આપવાનું સામર્થ્ય સંગીતના સાત સૂરોમાં છે.

**સા રે ગ મ પ ધ નિ નો સાર એટલે...**

પ્રથમ ચાર અક્ષરમાં સર્જન છે અને પછીના અક્ષરોમાં માર્ગદર્શન છે.

**સા** એટલે સૃષ્ટિના નિર્માણની શરૂઆત સાગરી જીવોની ઉત્ક્રાંતિથી થઈ.
**રે** એટલે રેતીમાં ચાલતી જીવસૃષ્ટિનો ઉદય થયો.
**ગ** એટલે ગગનવિહારી પક્ષીઓનું નિર્માણ થયું.
**મ** એટલે મનુષ્યો આ પૃથ્વી પર અવતર્યા. મનુષ્યના જન્મ બાદ, એને ભવસાગર તરવા માર્ગદર્શનની જરૂર પડે.
**પ** એટલે પરાક્રમી જીવન જીવવું એ મનુષ્યનું કર્તવ્ય છે. પણ મર્યાદા ઓળંગે તો વિનાશ વેરાય.
**ધ** એટલે ધર્મનું આચરણ થયું અને ધર્મ થકી.
**નિ** નિર્મળ કર્મ થાય તો **સા** સાક્ષાત્કાર થવાનો જ છે.

આમ સાગરી જીવોના સર્જનથી માંડીને સાક્ષાત્કાર સુધીનું સંપૂર્ણ ચક્ર સાત સૂરોની સરગમ સાથે સંકળાયેલું છે. દેવી-દેવતાઓથી લઈને જીવમાત્રને આનંદ આપવાની સુખદ ક્ષમતા સંગીતની સૂરાવલીમાં સમાયેલી છે!!

સાત સૂરોના સથવારે મનુષ્ય જો જીવન જીવે તો તેના આયુષ્યમાં માત્ર આનંદનું જ અસ્તિત્વ બાકી રહે.

**સા રે ગ મ પ ધ નિ** નો સાર આપના જીવનની દરેક ક્ષણને સુમધુર સંભારણામાં પરિવર્તીત કરે એવી અભિલાષા.

**- સૌ. ક.વિ. ઓ. ખબર પત્રિકા**

## લોર્ડ મેકોલે

લોર્ડ મેકોલે દ્વારા ૨ જી ફેબ્રુઆરી ૧૯૩૫ ના બ્રિટીશ પાર્લામેન્ટને સંબોધન કરતું વક્તવ્ય: ''મેં ભારતની પૂરી લંબાઈ અને પહોળાઈ સુધી પ્રવાસ કર્યો છે અને એક પણ એવી વ્યક્તિને નથી જોયો કે જે ભિખારી અથવા ચોર હોય. મેં એટલી સંપત્તિ તે દેશમાં જોઈ, એટલા ઉંચા નૈતિક આદર્શ જોયા એટલા બધા સારા લોકો જોયા કે મને નથી લાગતું જ્યાં સુધી આ દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરા તોડી પાડવામાં ન આવે ત્યાં સુધી આ દેશને જીતી શકશું. આથી હું પ્રસ્તાવ મુકું છું કે આપણે એમની પ્રાચીન શિક્ષાપ્રણાલી અને પુરાતન સંસ્કૃતિને બદલવી પડશે. કારણ કે જો ભારતીય લોકો વિદેશી અને અંગ્રેજી વસ્તુઓને દેશી વસ્તુઓ કરતા વધારે સારી સમજશે તો તે પોતાનું આત્મસન્માન અને નૈસર્ગિક સંસ્કૃતિ ખોઈ દેશે અને એ જ બનશે જેવુ આપણે ચાહીએ છીએ, એક ગુલામ દેશ. **પ્રે. શાંતિલાલ ગડા**

**<u>સાભાર - સ્વીકાર (પુસ્તકો)</u>**

૧) ''હાથવગા પશુ સારવાર પ્રયોગો''
(આયુર્વેદ દ્રષ્ટિએ)
લેખક - શ્રી ભીખાલાલ માંગરોળિયા
પ્રથમ આવૃત્તિ- ઓક્ટોબર ૨૦૧૭.
કુલ પાના- ૮૮, સહયોગ રાશિ **રૂા.૫૦/-**

૨) ''વ્યસન કરો યોગનું, નામ ન રહે રોગનું''
લેખક-શ્રી મનહરભાઈ રામાનુજ
કુલ પાના -૪૪, **મૂલ્ય રૂા.૪૦/-**

**<u>ઉપરના બન્ને પુસ્તકોના પ્રકાશક</u>**
વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ-બગસરા
C/o. બાળ કેળવણી મંડળ, બગસરા-365440
જિલ્લો-અમરેલી ફોન- 02796-222479.

૩) ઝીરો બજેટ પ્રાકૃતિક કૃષિ, કુલ પાના-૨૪
મૂલ્ય- અમુલ્ય
સંપાદક-શ્રી ગોવિંદભાઈ ટીંબડીયા
પ્રકાશક- શ્રી ગૌસેવા મિત્ર મંડળ મુંબઈ મંચ,
કાંદિવલી (પશ્ચિમ)
પ્રાપ્તિ સ્થાન- શ્રી યોગેશ મિસ્રી, Mobile 9909204566
સજીવ ખેતી પ્રચાર કેન્દ્ર, હરીનગર-૨૧, ત્રિલોચન નગર સામે, તરસાલી, વડોદરા-390006.

૪) ''પગ મેં ભમરી ચોથુ ચરણ''
લેખક-શ્રી લીલાધર ગડા
પ્રથમ આવૃત્તિ- ઓક્ટોબર ૨૦૧૭
કુલા પાના-૨૧૦, કિંમત રૂા.૧૬૦/-
પ્રાપ્તિ સ્થાન: વિવેકગ્રામ પ્રકાશન, શ્રી વિવેકાનંદ રિસર્ચ અને ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યુટ, નાંગલપર રોડ, માંડવી, જિલ્લો-કચ્છ, પીન કોડ -370465,
Phone (02834) 223253, 223934.

''શ્રી લીલાધર ગડાનો કચ્છની ૩ સખાવતી હોસ્પિટલ (બિદડા, ભોજાય અને ભચાઉ) ના નિર્માણમાં સિંહફાળો છે. એક સમાજસેવક હોવા ઉપરાંત એક ઉંચી કક્ષાના લેખક છે.

''પગમે ભમરી''ના અત્યાર સુધી ત્રણ ચરણ બહાર પડી ચૂક્યા છે આ પુસ્તક (એટલે કે ચોથા ચરણ) માં લેખકે સમાજના છેવાડે વસતા માનવીના ઉત્થાન માટે પ્રયત્ન કરતા વ્યક્તિઓ અને સંસ્થાઓની વાત કરી છે. સમાજસેવા સાથે નિસ્બત રાખતા, વંચિતો માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળા દરેકે આ પુસ્તક વાંચવું અને વસાવવું રહ્યું.''

**- શાંતિલાલ ગડા**

## ''સહજ ધારા''

**(શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં રચાએલ કવિતા)**

અપૂર્વ અવસરનો દીપ જલે
અજ્ઞાનતણું અંધારું ટળે
આતમભાવનું અજવાળું પ્રસરે
દેહભાવ ખરખર ખરે

કામ-ક્રોધ, લોભ ને વળી મોહ-માયા
જાણે કમળ પરથી જલ સરે
પરિષહ અને ઉપસર્ગનો અગ્નિ ભડભડે
રાગ-દ્વેષ ને સર્વ કષાયો બળે.

પર નિંદાથી ડરું ને પરદુઃખે રડું
શત્રુ ન હવે કોઈ સહુ મિત્ર રહે
જિન સંગે જિન થૈ જિનત્વ લહે
ચિત્ત નિશદિન શ્રીમદ્નું ધ્યાન ધરે

દેહ નથી ને દેહસંબંધી પણ નથી મારા
કેવળ શુધ્ધ ચૈતન્યની વહે સહજ ધારા

**- ડો. કાલિન્દી પરીખ, અમરેલી**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. ટોકરશી સાવલા | - જુહૂ | ૫૦૦/- |
| ૨. હંસા માટલિયા (લિસ્ટમાં નામ નથી) | | ૧૦૦/- ? |
| ૩. મહેન્દ્ર હિંમતલાલ બુચ | - રતનપર | ૧૦૦/- |
| ૪. મણીબેન કે. પટેલ | - લાડોલ | ૫૦૦/- |
| ૫. મુલચંદ છેડા | - બોરીવલી | ૧૦૦/- |
| ૬. ધીરૂભાઈ જોગીયા | - માલસર | ૧૦૦/- |
| ૭. પંકજભાઈ | - માલસર | ૧૦૦/- |
| ૮. વંદનાબેન દલપત ગોસ્વામીજી | - ખેડબ્રહ્મા | ૧૦૦/- |
| ૯. લાલજી મહારાજ સ્મૃતિ મંદિર | - માલસર | ૧૦૦/- |
| ૧૦. હસમુખભાઈ જોગીયા | - મલાડ | ૧૦૦/- |
| ૧૧. ચીમનભાઈ પટેલ | - તારાપુર | ૨૫૦૦/- |

(સમુહલગ્નમાં ૨૫ યુગલને ગોરક્ષાપાત્ર એક વર્ષ માટે ભેટ)

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC BKID 0000031**

## કોઈ માગે કે ન માગે સહાય કરવા તત્પર રહો !

ભગવદ્ ગીતાનું સનાતન સૂત્ર છે: જેવું કર્મ કરો એવું પામો. આપણા સમાજજીવનમાં એના અસંખ્ય ઉદાહરણો છે. પરંતુ આપણે આજનું જ વિચારતા રહી છીએ. આ એક સત્યઘટના છે: ૧૮૯૨નું વર્ષ... અમેરિકાની વિખ્યાત સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો એક યુવાન ખૂબ નિરાશ થઈને કૉલેજ કેમ્પસમાં બેઠો હતો. કૉલેજની ફી ભરવાના પૈસા નહોતા. અચાનક એને એક વિચાર આવ્યો. તેણે પોતાનો વિચાર મિત્રને કહ્યો. બન્ને મિત્રોએ યુનિવર્સિટી કેમ્પસમાં એક સંગીત પાર્ટી યોજવાનું નક્કી કર્યું. ટિકિટના પૈસામાંથી જે કોઈ સંગીતકાર આવે એનો ખર્ચ નીકળી જાય અને ફીના પૈસા પણ મળી જાય એવી એમની ગણતરી હતી. એમનું નસીબ સારું કે એ વખતે વિશ્વવિખ્યાત પિયાનો આર્ટિસ્ટ પેડ્રેવસ્કી શહેરમાં જ હતા. યુવાનોએ પેડ્રેવસ્કીનો શૉ રાખવાનું નક્કી કર્યુ. એ સમયે પેડ્રેવસ્કી એક શૉના બે હજાર ડૉલર લેતા. બંને યુવાનોએ પેડ્રેવસ્કીના મેનેજરને મળીને બે હજાર ડૉલરમાં એમનો શૉ નક્કી કરી દીધો.

કાર્યક્રમ નક્કી થતા જ બંને યુવાનો કામે લાગી ગયા. પૂરી ટિકિટો વેચાય એ પહેલાં તો નક્કી કરેલો દિવસ આવી ગયો. પેડ્રેવસ્ટીએ પિયાનોવાદક તરીકે પોતાની બધી જ કળા રજૂ કરીને લોકોને ખુશ કરી દીધા. કાર્યક્રમના બીજા દિવસે બંને યુવાનો પેડ્રેવસ્કીનો આભાર માનવા અને એમની ફી ચૂકવવા હોટેલ પર ગયા. પૂરી ટિકિટો ન વેચાવાના કારણે એ લોકો ફક્ત ૧૬૦૦ ડૉલર જ એકઠા કરી શક્યા હતા. કૉલેજની ફી ભરવાની વાત તો દૂર રહી, એ લોકો પેડ્રેવસ્કીને આપવાના બે હજાર ડૉલર પણ ભેગા કરી શક્યા નહોતા. છતાં બંને મિત્રો પેડ્રેવસ્કી પાસે ગયા. એમને ૧૬૦૦ ડૉલર આપ્યા, ઉપરાંત ૪૦૦ ડૉલરનો ચેક આપતા કહ્યું, ‘સર, અમને માફ કરજો. અમે પૂરી રકમ એકઠી નથી કરી શક્યા. ખરેખર તો અમે અમારી કૉલેજની ફી ભરી શકાય એ માટે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પરંતુ ઓછી ટિકિટ વેચાતાં અમે લાચાર છીએ. હાલ પૈસાની વ્યવસ્થા નથી આથી આપ આ ચેક સ્વીકારો. આપના બાકી નીકળતા ૪૦૦ ડૉલર આપને જલદી મળી જાય એવો પ્રયત્ન કરીશું.’

પેડ્રેવસ્કી એક મહાન કલાકારની સાથે એક ઉમદા વ્યક્તિ પણ હતા. થોડીવાર એ બંને યુવાનોના ચહેરાને જોતા રહ્યા. પછી બોલ્યા: ‘અરે આમે થોડું ચાલે ! આ ઠીક નથી.’ એટલું કહીને એમણે ૪૦૦ ડૉલરનો ચેક ફાડી નાંખ્યો. પછી ૧૬૦૦ ડૉલર પેલા યુવાનોને પાછા આપતા બોલ્યા: ‘દોસ્તો ! જે કામ માટે મારા શૉનું આયોજન થયું હતું એ કામ પહેલા પૂરું થવું જોઈએ. આ પૈસા તમે પાછા લઈ જાવ. તમારી કૉલેજની ફી ચૂકવી જાય, શૉના આયોજન પાછળ તમે કરેલો ખર્ચ ભરપાઈ થઈ જાય એ પછી જે રકમ વધે એ જ તમારે મને આપવાની...’ બંને યુવાનો આંખમાં આંસુ, આશ્ચર્ય અને અહોભાવથી મહાન પિયાનોવાદક પેડ્રેવસ્કીને જોઈ રહ્યા.

કાળનું ચક્ર તેજ ગતિએ દોડે છે. એ પછી પેડ્રેવસ્કી પોલેન્ડના રાષ્ટ્રપ્રમુખ બન્યા. શ્રેષ્ઠ શાસક તરીકે ખૂબ લોકપ્રિય બન્યા. પરંતુ કમનસીબે એમના કાર્યકાળમાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. અનાજ લઈને આવતાં જહાજ દુશ્મનોએ અટકાવી દીધાં. જેથી પોલેન્ડમાં લોકોને ભૂખે મરવાનો વારો આવ્યો. રાષ્ટ્રપ્રમુખ પેડ્રેવસ્કી બરાબરના મૂંઝાયા હતા. અંતે અમેરિકા જઈને મદદ માગવાનું નક્કી કર્યું. એમણે એ પહેલાં ત્યાં ફોન કર્યો.

**- અનુસંધાન પાના નં.૧૩ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ એસ. દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2018**



ગોરક્ષા પાત્ર
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

To,